**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી અધ્યાત્મ | ૩ |
| પ્રભુની આરાધનાની આવશ્યકતા | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વર્ગારોહણ શૈક્ષણિક સિદ્ધિ પારિતોષિક | સેવક ટ્રસ્ટી | ૧૩ |
| એક અભિનવ પારાયણ(૨) | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૫ |
| Following His Footsteps(2) | Pratik Smart | ૨૨ |
| રામકૃષ્ણ મિશનના સ્વામી તુર્યાનંદ | નવનીત કે શાહ | ૩૦ |
| યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા | ડૉ.અરુણિકા મનોજ દરૂ | ૩૪ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૩૯ |
| નમામ્યહમ્ | શ્રી રાજુભાઈ જાની | ૪૩ |
| કાયાપલટ | યોગેશ્વરજી | ૪૮ |
| યોગી બ્રહ્મની મુલાકાત(૨) | પોલ બ્રન્ટન અનુ.યોગેશ્વરજી | ૫૧ |
| નિત્યનોંધની ડાયરીના પૃષ્ઠો | ડૉ.બી.જે.જાગાણી | ૫૮ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# અભિનંદનીય સહાય

સૂરત શહેરના જાણીતા એડવોકેટ, અનેક શિક્ષણ સંસ્થાઓના સાચા સેવક, વજ્ર જેવા સખત છતાં ફૂલ જેવા કોમળ બનીને સામાન્ય વર્ગના સાચા મિત્ર બનનાર, સૂરત એજ્યુકેશન સોસાયટીના ચેરમેનપદ દીપાવી, મહાજન અનાથાશ્રમ તથા સૂરત રક્તદાન કેન્દ્રના સહાયક સ્વજન બની સેવાની જ્વલંત જ્યોત બની પ્રકાશ પાથરનાર શ્રી ગોવિંદજી યુ. પટેલની પવિત્ર સ્મૃતિમાં એમના બાળકો, ડૉ. અરૂણભાઇ પટેલ, શ્રી પ્રભાબેન પટેલ આ અંક પ્રકાશીત કરી રહ્યાં છે. સ્વર્ગારોહણના સાચા સ્વજન તરીકે અભિનંદન.

**—મા સર્વેશ્વરી**



# પ્રભુની આરાધનાની આવશ્યકતા

**—યોગેશ્વરજી**

માણસ મોટે ભાગે સંસારના વ્યવહારમાં રચ્યાપચ્યા રહે છે ને ફુરસદ મળે તો ને ત્યારે પ્રભુસ્મરણ કે પ્રભુની સેવા, પૂજા ને આરાધનામાં મન લગાડે છે. કેટલીક વાર દિલ બહેલાવવાને ખાતર, પરંપરાગત રૂઢિ કે પ્રણાલિકાને માન આપવા, ધાર્મિક માણસમાં ખપવા અથવા તો કોઇ ભય કે લાલસાને લીધે પણ તે દેવદેવી કે કોઇ સંતનું શરણ લેતા દેખાય છે. તે વૃત્તિ અથવા આદતને આદર્શ ન કહી શકાય. દેવ, દેવી કે પરમાત્માની સેવાપૂજા અથવા આરાધના જીવનની એક મૂળભૂત ને મહત્ત્વની જરૂર છે, ને તે રીતે જ તેનો સ્વીકાર થાય તે જરૂરી છે. પવન, પાણી, પ્રકાશ ને ખોરાક વિના જેમ માણસને નથી ચાલતું તેમ પરમાત્માના વિચાર, અનુભવ ને પ્રેમ વિના પણ ન ચાલે તેવી તેની સ્થિતિ થઇ જવી જોઇએ.

પરમાત્માની આરાધના ફુરસદના વખતમાં અથવા તો અઠવાડિયાના એક રવિવારે, એકાદશી, પૂનમ કે કોઇ વ્રતને વખતે જ કરવાની ન હોય; તે તો શક્ય એટલા બધા જ સમયે ને શ્વાસોચ્છ્વાસે થવી જોઇએ. વ્યવહારમાં ડૂબેલા લોકો વ્રતને નામે પણ પરમાત્માની ઉપાસના તરફ વળે તે માટે વ્રત ખૂબ જ મોટો ભાગ ભજવે છે, છતાં એનો અર્થ એવો નથી કે પરમાત્માનું ચિંતન, મનન કે આરાધન વ્રતના દિવસ પૂરતું જ મર્યાદિત રાખવું. તે તો સમસ્ત જીવનને માટે જરૂરી બનવું જોઇએ. ને ગમે તેવા વ્યાવહારિક વ્યવસાયમાંથી પણ વખત કાઢીને એક જરૂરી ને કીંમતી ફરજ તરીકે માણસે તેનું

જાગૃતિપૂર્વક પાલન કરવું જોઈએ.

પ્રભુસ્મરણ કે પરમાત્માની આરાધના માટે વખત નથી મળતો એવું જ લોકો કહ્યા કરે છે તેમનું કહેવું બરાબર નથી. વખત તો ઘણો છે, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરવાની કળામાં માણસે કુશળ થવું જોઈએ. ગમે તેવા વ્યવહારમાં ડૂબેલા માણસ પણ ખાવા માટે વખત નથી, નાહવા ને ઊંઘવા માટે વખત નથી, એવી દલીલ નથી કરતો. ગમે તેમ કરીને પણ તે તેને માટે વખત કાઢે છે. છેવટે કામ કરવાની જગ્યા પર કામ કરતાં–કરતાં તે ખાઈ ને ઊંઘી લે છે. તે સમજે છે કે એના વિના જીવન નહીં ચાલે, બીજે દિવસે બેઠા નહીં થવાય ને જરૂરી કામ પણ નહીં કરી શકાય. તે પ્રમાણે પરમાત્માની ઉપાસનાને જરૂરી માનીને તેને માટે ગમે તેમ કરીને પણ વખત કાઢવો જોઈએ. જે કાઢવા માગે છે તેને માટે વખત ઘણો જ છે. પરંતુ જેને કાંઈ કરવું જ નથી તે વખત નથી એવાં બહાનાં કાઢ્યા કરે છે. તેવા લોકોને પત્તાં રમવા, કેરમબૉર્ડ ને શેતરંજ પાસે બેસવા, આંટાફેરા કરવા ને સિનેમાનાટક જોવાનો પ્રસ્તાવ મળે તો વખત તરત મળી રહે છે; તે માટે જરૂર પડે તો રજા લે છે ને રાતના ઉજાગરા પણ કરે છે; પરંતુ કોઈ સારા કામ માટે કે ઈશ્વરની આરાધના માટે જ વખત નથી મળતો! કારણ કે તેમને તેમાં રસ નથી ને તેની કિંમત પણ નથી સમજાઈ.

માણસે સમજી લેવું જોઈએ કે સમય ઝડપી છતાં પુષ્કળ છે. તે કોઈને એમ નથી કહેતો કે આવો, હું વહી રહ્યો છું માટે મારો ઉપયોગ કરો; પરંતુ માણસે પોતે જ બુદ્ધિપૂર્વક તેનો ઉપયોગ કરવો પડે છે. ગમે તેવા ભારે કામમાંથી પણ તેણે જરૂરી ને સારા કામને માટે વખત કાઢવો પડે છે. એવી રીતે વખત



કાઢવાની વૃત્તિ હોય તો વખત ઘણો છે, ને વખત નથી મળતો એવી દલીલ કરવાનું કોઈ કારણ રહેતું નથી. વ્રતના પવિત્ર ને નક્કી કરેલા દિવસોમાં જે ઈશ્વરની આરાધના કરે છે તે સારું જ કામ કરે છે ને તેમને ધન્યવાદ ઘટે છે, પરંતુ તેમણે બાકીના દિવસોમાં પણ ને રોજ નિયમિત રીતે કામ કરવાની ટેવ પાડવી જોઈએ. જે લોકો કાંઈ જ નથી કરતા તેમના કરતાં તેમનું સ્થાન આદરણીય ને ઊંચું છે તેની ના નહીં, પરંતુ ત્યાં અટકી જવાને બદલે એથી પણ ઊંચા સ્થાનની પ્રાપ્તિ માટે તેમણે મહેનત કરવી જોઈએ. જે કાંઈ જ નથી કરતા તેમણે પણ પરમાત્માની આરાધનામાં રસ લઈને જીવનને નિર્મળ, સાત્ત્વિક ને પ્રભુપરાયણ કરવાની કોશિશ કરવી જોઈએ. જરૂરી વ્રત, તપ, સંયમ, સદ્‌ગુણ ને આરાધનાથી જીવનને ઉજ્જવળ કરવા કટિબદ્ધ થવું જોઈએ.

જેમણે પોતાના આચરણ, વિચારો અને ભાવનાઓમાં આદર્શવાદ તથા ઉત્કૃષ્ટતાનો સમાવેશ કર્યો છે, તેઓ સંત છે. **—યોગેશ્વરજી**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૪ મે—૨૦૧૨ અંક ૮**


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૨, નરસિંહનગર, નારણપૂરા, અમદાવાદ**

**તા.૧૮/૪/૮૨ રવિવાર ચૈત્રવદ સાતમ ૨૦૩૮**

સવારે ૮॥ વાગ્યે સરોડા જવા નીકળ્યા. આનંદ ઉલ્લાસ હતો. આટલું જલદી પૂ.શ્રીના જન્મભૂમિના દર્શને જવાનું થશે એવી કલ્પના પણ ન હતી.

પોણાદશે સરોડાની પુણ્યભૂમિ ઉપર પહોંચી ગયા. સરોડા ગામના સમસ્ત નાગરિકોનો સરોડાના પાદરે મેળો જામ્યો હતો. ઢોલ નગાર ને ગીતો શરૂ થયાં. પૂ.શ્રીનું ગાડીમાં સ્વાગત થયું. ગામના સેવાભાવી સરપંચ શ્રી રણછોડભાઇ પટેલે કુમકુમ તિલક ને ફૂલહાર સાથે પૂ.શ્રીનું ફરી સ્વાગત કર્યું. સર્વેશ્વરીનું પણ સ્વાગત એમણે ફૂલહારથી કર્યું. પૂ.શ્રી સાથે આખું ગામ સરઘસ આકારે ગામમાં પ્રવેશ્યું. સૌ કોઇને આનંદ હતો.

આ સન્માન પ્રસંગે ભાગ લેવા.

અમદાવાદથી સાધકોની એક બસ આવી. વળી મોરબી,



રાજકોટ, વડોદરાથી પણ ભાઇબહેનો આવ્યાં હતાં. તે સૌને પૂ.શ્રીની જન્મભૂમિનાં દર્શનનો અતિઆનંદ હતો.

વાજતે ગાજતે સરઘસ આગળ ચાલ્યું. બાળકો, વૃદ્ધો, યુવાનો, સ્ત્રીપુરુષો વારંવાર જયજયકાર બોલાવતા હતાં. આગળ થોડા ભાઇઓ વાંજિત્રો સાથે ગીતો ગાતા નાચતા હતાં. દૃશ્ય અદ્‌ભુત હતું.

આ સ્વાગતને જાણે પ્રભુએ જ કૃપા કરી કર્યું એવું જણાતું હતું.

માર્ગમાં ગ્રામપંચાયતની ઓફિસ આવી ત્યાં પૂ.શ્રીને લઇ જવામાં આવ્યા. ત્યાંથી ફરી ગાડીમાં બેસાડ્યા. ને શાળાનું નવું મકાન થયું હતું ત્યાં એ જ સરઘસ આકારે વાજતેગાજતે લઇ જવામાં આવ્યા.

વિશાળ મંડપ શણગારેલો હતો. મંચના મુખ્ય ભાગ ઉપર પૂ.શ્રીની બેઠક હતી. આજુબાજુના બે વિભાગમાં બીજી બેઠકો હતી. સૌને ખૂબ ખૂબ આનંદ હતો.

શ્રી વાડીભાઇ પટેલ જેઓ અમદાવાદ રહે છે. તે આ સમગ્ર કાર્યક્રમના સૂત્રધાર હતા. તેમાં સરપંચનો સંપૂર્ણ સહકાર હતો. અને સરપંચ પાછળ આખું ગામ હતું.

સૌ ગોઠવાઇ ગયા. શ્રી વાડીભાઇએ સૌનું સ્વાગત કર્યું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના હતી. શાળાની સાત બહેનો પૂ.શ્રી સમક્ષ ઉભી રહીને વાજિત્ર સાથે પ્રાર્થના કરી પછી સ્વાગત ગીત થયું. સૌનું ફરીથી વિધિસર ફૂલહાર સાથે સ્વાગત થયું.

આશ્ચર્ય તો એ વાતનું હતું કે સર્વેશ્વરી ને પણ પૂ.શ્રી જેવું જ માનપાન મળ્યું.

સરોડાની જનતાએ સર્વેશ્વરીનો પણ આનંદથી વધાવી લેવાનો કાર્યક્રમ ઘડ્યો.

પૂ.શ્રીની સાથે એમના બહેન, બનેવી, તેમનાં બાળકો પણ અહીં આવ્યાં હતાં.

સૌ પ્રથમવાર સરોડા ગામે પૂ.શ્રીનું એ રીતે સ્વાગત કર્યું. ઘણી મોટી જાગૃતિ આવી. તે માટે શ્રી વાડીભાઇએ પૂ.શ્રીની વારંવાર માફી માગી.

આવનાર મહેમાનો પૈકી શ્રી નારણભાઇ જાની, શ્રી ઈશ્વરભાઇ પેટલીકર, શ્રી ચંદ્રકાન્ત મહેતા, શ્રી મોહનભાઇ ત્રિવેદી શ્રી સર્વેશ્વરી સૌ કોઇએ પ્રાસંગિક બે બોલ કહ્યા.

શાળાની બહેનોએ કૃષ્ણનો એક સુંદર ગરબો પણ કર્યો. પૂ.શ્રીએ પોતાનું પ્રાસંગિક પ્રવચન સૂચનાઓ પણ સૌને આપી.

પ્રાથમિક શાળાના નવા ઓરડાનું ઉદ્‌ઘાટન પૂ.શ્રીના હસ્તે કરવામાં આવ્યું.

પ્રાથમિક શાળાનો એક ઓરડો પૂ.શ્રી તરફથી માતાજી જ્યોતિર્મયીની પુણ્યસ્મૃતિમાં બંધાવવામાં આવ્યો હતો, તે આ ઉદ્‌ઘાટનની વિશેષતા હતી.

ઉદ્‌ઘાટનમાં પૂ.શ્રીને રીબન કાપવા કાતર આપવામાં આવી ત્યારે પૂ.શ્રીએ કહ્યું. હું તો કાપવાનું કામ નથી કરતો સાંધવાનું કરું છું. માટે હવે તમે આજ કાતરથી કાપો. પછી તાળુ ખોલીને પૂ.શ્રીએ ઉદ્‌ઘાટન કરવાનું હતું. પૂ.શ્રીએ કહ્યું. બંધિયાર જીવનને ખોલવાનું કામ કરીશ. એમ કહી તાળુ ખોલ્યું.

આ આખાયે પ્રસંગની તસ્વીરો ત્રણ ત્રણ કેમેરામાં ઝીલાતી હતી.



કાર્યક્રમ ખૂબ લાંબો ચાલ્યો. ત્યારબાદ આવનાર સૌ ભાઇબહેનો અને સમસ્ત ગામે લાડુનું સમૂહભોજન લીધું.

તે દરમ્યાન પૂ.શ્રી પોતાની જન્મભૂમિને એ પવિત્ર ઘરમાં જવા નીકળ્યા. ઘર સુધી ગાડીમાં નીકળ્યા.

વિશાળ કમ્પાઉન્ડવાળા એ ઘરને આજે તોરણો બાંધ્યા હતાં. ચૂનાથી તૈયાર કર્યું હતું. દેશીનળિયાથી તે ઘર તૂટફૂટુ થઇ રહેલું જણાયું.

ઘરની બહાર ખુલ્લા ઓટલા જેવું હતું. તેની સાથે જ રસોડુ કે બાથરૂમ કે પાણિયારુ જે ગણો તે હતું. અંદર બે મોટા ઓરડા હતાં. એની સાથે જ બીજા બે ઓરડા બીજા મકાનમાં હતા.

ઘરમાં પ્રવેશ કરતાં જ અંદર એક પલંગ હતો. તેની સામે જ એક ગોખલો હતો. જેમાં પૂ.શ્રીને ભેટ મળેલી ઘણી જૂની સાંઇબાબાની મૂર્તિ હતી. પ્રકાશનાપંથે આત્મકથામાં મૂર્તિના ચમત્કારની વાત આવે છે.

પલંગની ઉપર નાનકડા ચારેક ફોટા હતા, જેમાં પૂ.શ્રીનો ૧૯૪૪નો દાઢીવાળો ફોટો હતો. વળી રામકૃષ્ણદેવનો, ભગવાન બુદ્ધનો. શ્રી કૃષ્ણનો વગેરે નાનકડા ફોટા ન હતા. સાંઇબાબાની મૂર્તિ પાછળ માતાજી જ્યોતિર્મયીનો ફોટો હતો.

પલંગ સામે એક ગોખ હતો જેમાં પૂ.શ્રીની લાકડાની પાદુકા ધૂળે ભરેલી પડી હતી.

અંદરના ઓરડામાં જૂનો સામાન ભરેલો હતો. બે ત્રણ લાકડાની જૂની પેટીઓ હતી. એક પેટીમાં જૂના ફોટાઓ હતાં. બીજામાં જૂના પુસ્તકો હતાં.

પૂ.શ્રીએ ફીશરની તકલીફને લીધે ભાખરી દૂધનું ભોજન

લીધું. સૌએ સમૂહભોજન લીધું. પૂ.શ્રીના એ ઘરમાં સર્વેશ્વરી ને તારાબહેને પણ પૂ.શ્રીની સાથે ભોજન લીધું.

ભોજનબાદ સૌ મહેમાનો આવી ગયા. જેમાં અમદાવાદ, મોરબી, રાજકોટ, મુંબઈના, વડોદરાના ભાઈબહેનો હતાં. પૂ.શ્રીના એ પવિત્રસ્થાનના આંગણામાં ઉપર મંડપ જેવું બાંધ્યું હતું. ત્યાં સૌ બેઠા ભજનો ધૂનો શરૂ થઈ. પૂ.શ્રી થોડીવારમાં બહાર આવ્યા. બહાર આંગણામાં બે બેઠકો તૈયાર હતી ત્યાં બેઠા પછી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

પ્રશ્નો નીચે મુજબ હતા.

પ્રશ્ન : મે ૨૦ જેટલી નોટબુકમાં મંત્રલેખન કર્યું છે તેને શું કરવું?

પૂ.શ્રી : આ જ ઉપાધિ છે ને. હૃદયમાં નામ મંત્ર લખો તો કોઈ જ વાંધો નહીં. નોટબુક રાખી મૂકો અથવા નદીમાં પધરાવી દેવી.

પ્રશ્ન : સત્ય એટલે શું? તે માર્ગે ચાલવા શું કરવું?

પૂ.શ્રી : સત્ય એ પરમાત્માનું નામ. તે માર્ગે ચાલવા તેનું જ્ઞાન, ધ્યાન, સ્મરણ કરવું. શ્રદ્ધાભક્તિ રાખવી. પ્રભુને ગમે તેવાં કામ કરવાં.

પ્રશ્ન : એ માર્ગે જવા સાથ મળતો નથી.

પૂ.શ્રી : જાતનો જ સાથ માંગો. ભગવાનનો સાથ પછી મળી રહેશે. નહીં તો ટાગોરે લખ્યુ એકલો જાને રે તારી જો હાક સુણી કોઈ ના આવે તો.

જે આપણને સમજે તે સાથ આપે ન સમજે તે કેવી રીતે સાથ આપી શકે?



ભગવાનને ખાતર છોડવું પડે તો છોડવા તૈયાર રહેવું જોઈએ.

“નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે.”

પ્રશ્નોત્તરી બાદ શ્રી મોહનભાઈ શાહ જેઓ પૂ.શ્રીને ત્રીસેક વરસથી જાણે છે. તેઓ ઘણીવાર સરોડા આવતા તેમણે સરોડાના સ્મરણોની વાત કરી.

વળી શ્રી નારાયણભાઈ જાનીએ પણ અને શ્રી બાબુભાઈ વોરાએ પણ પોતાનાં સ્મરણો કહ્યાં.

સમય થતાં એસ.ટી. બસના સાધકોએ વિદાય લીધી. ગ્રામજનો પૂ.શ્રીની પાસે બેઠા. થોડા પ્રશ્નોની ચર્ચા થઈ.

આજે આખોયે દિવસ પૂ.શ્રી સૌને મળ્યા. સાંજે સાતવાગ્યે સરોડાથી વિદાય થયા.

સરોડા સાબરમતી તીરે આવેલું છે. ત્યાં શીકોતરી માતાનું મંદિર છે. ત્યાં ગામના આગેવાનો પણ સાથે આવ્યા. વળી દૂરથી બ્રહ્માણી માતાના મંદિરનાં પણ દર્શન કરી લીધા.

બ્રહ્માણી માતાના મંદિર પાસે એક દૂધવાળાભાઈએ પૂ.શ્રીને દૂધ પાયું.

મોટર આગળ ચાલી સરોડાના સુખદુઃખસ્મરણ સાથે અમદાવાદ આવી ગયા.

હળવો નાસ્તો લઈ આરામ કર્યો.

**(ક્રમશઃ)**

# સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વર્ગારોહણ શૈક્ષણિક સિદ્ધિ પારિતોષિક

**–સેવક ટ્રસ્ટી**

પૂ.શ્રી મા સર્વેશ્વરીની પ્રેરણાથી સ્વર્ગારોહણ ખાતે પૂ.શ્રી મા પાસે નિયમિત આવતા બાળકો અને યુવાનોને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે જાહેરમાં પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી વર્ષ ૨૦૧૦–૧૧થી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વર્ગારોહણ શૈક્ષણિક પારિતોષિક/પુરસ્કાર આપવાનું શરુ કરાયેલ છે.

આથી સ્વર્ગારોહણમાં પૂ.શ્રી મા પાસે નિયમિત આવતા બાળકો યુવાનોએ તેમના શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ ના પરિણામ પત્રકની ઝેરોક્ષ નકલ સાથે નીચેની વિગત દર્શાવતી અરજી શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ, વ્યવસ્થાપક, સ્વર્ગારોહણ, દાંતા રોડ, અંબાજીને તા.૩૦ જૂન ૨૦૧૨ સુધીમાં પહોંચાડવી.

જે બાળકોને સ્વર્ગારોહણની પ્રાર્થના અને બે બાવની આવડતી હોય અને ગત વર્ષ દરમ્યાનના કાર્યક્રમો દરમ્યાન પૂ.શ્રી મા પાસે નિયમિત આવ્યાં હોય તે બાળકો/યુવાનોએ જ તેમની અરજી જો નીચે દર્શાવેલ શૈક્ષણિક પરિણામો વર્ષ ૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન તેમણે મેળવ્યાં હોય, તેમણે જ અરજી મોકલવા વિનંતી.

**અરજીમાં દર્શાવવાની વિગતઃ–**

(૧) બાળક/યુવાનનું નામઃ–(અટક સાથે)

(૨) માતા–પિતાનું પુરું નામઃ–

(૩) પુરું સરનામુંઃ–



(૪) મોબાઇલ ટેલી.નંબર

ક્યા ધોરણ/કોર્સનું પરિણામ

માર્કશીટ પરિણામ પત્રકની નકલ સાથે જોડવી જરૂરી છે.

**લાયકાતઃ–**

ધોરણ ૧ થી ૪ – ૮૫% કે તેથી વધુ અથવા A Grade

ધોરણ ૫ થી ૮ – ૮૦% કે તેથી વધુ અથવા A Grade

ધોરણ ૯ થી ૧૨ – ૭૫% કે તેથી વધુ

**ડીપ્લોમાં કોર્સઃ–** વર્ષ દરમ્યાનના સેમેસ્ટરના એવરેજ માર્કર્સ ૭૦% કે તેથી વધુ

**માસ્ટર ડીગ્રીઃ–** પોસ્ટ ગ્રેજ્યુએશન ૬૫% કે તેથી વધુ

જીવન કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, પરંતુ કેવી રીતે કેવું જીવ્યા તે મહત્ત્વનું છે. **–યોગેશ્વરજી**

રાહુ–કેતુ–શનિ–મંગળ જેવા આકાશી ગ્રહો તો માત્ર અમુક ચોક્કસ સમય પુરતા જ નડી શકે છે, જ્યારે પુર્વગ્રહ નામનો ગ્રહ તો આપણને પૂરી જીંદગી નડી–કનડી શકે છે. એ સત્ય કદી વિસરવા જેવું નથી.

# એક અભિનવ પારાયણ(૨)

–જ્યોત્સ્નાબેન ત્રિવેદી

## પ્રકરણ : ૬ મુંબઈના આશ્રમમાં

પૂ.શ્રી મા લખે છે આપણા બધાંનાં કર્મફળ સારા જ લખાયાં છે તો જ ગંગાજી લઇ આવ્યા! આ બે(પૂ.શ્રી તથા શ્રી કૃષ્ણ) પણ બેઠા છે! બંનેના સ્વરૂપ તરફ હાથ બનાવીને પૂ.મા કહે છે.

અહીં બેઠેલામાં કોણ નાની ઉંમરે હોસ્ટેલ બોર્ડિંગમાં રહેલા છે? ગૃહપતિ પર કેટલો મોટો આધાર હોય છે! ને શિયાળામાં ઠંડા પાણીથી સ્નાન! અમે વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં એવું માણ્યું હતું. પાણીનો હોજ હોય અને ફરતે પતરાંનો બંધ શેડ. ઠંડી કેવી લાગે કે હોજમાંથી ડોલ ભરી ઊભા ઊભા જ શરીર ઉપર છલકાવી નાંખીએ. પતરાનો શેડ એટલે ઠંડી ખૂબ જ લાગે. તે ઠંડી હજી ભરાઇ રહી છે. તે હજી નીકળતી જ નથી. ગઇકાલે સીક્યુરીટી ચેકીંગમાં(એરપોર્ટ પર) પૂછે તમને ખૂબ ઠંડી લાગે છે? ત્રણ ત્રણ સ્વેટર પહેરેલાં છે! માએ તેને ઊંચા કરીને બતાવ્યાં. અમને પણ એક વખત રાબ મળતી અને ભોજનમાં બધું જ ફરજિયાત પીરસવામાં આવતું. અમને ઘરે તો માત્ર બટાકાનું શાક જ ભાવતું. એટલે ભારે મુશ્કેલી પડતી. અમારી સાથે કપૂરાની એક દીકરી ભણતી હતી. અમે તેની સાથે જ જમવા બેસતાં. દૂધી કે કારેલાનું શાક ધીમેકથી તે બહેનની થાળીમાં મૂકી દેતાં. થાળીમાં એઠું મૂકવાની મનાઇ, એટલે બીજું કરવું પણ શું? ૫ વાગે એટલે ૨–૩ બહેનો ભજન ગાતી. મોડા ઊઠતાં તો કરજનું દાતણ મળતું. અમારી સંસ્થા ચોરસ આકારની હતી એટલે બહેનો ગાતી તે બધાંને જ સંભળાતું, પણ



પૂ.શ્રી તો છેક નાનકડા, લાડ તથા મનગમતું મેળવવાની ઉંમરના હતા. છતાં એવું ગંભીર બની જવું પડતું એટલે મોટી ઉંમરે પણ ગંભીર જ રહ્યા. એવો સ્વભાવ થઇ ગયો.

પૂ.શ્રીએ માતાજીને બીજો પત્ર લખ્યો. તેમાં તેમણે જાતે વસ્ત્રો ધોવાં પડે છે તેની વાત કરેલી. પૂ.શ્રી ચોથા ધોરણમાં ભણતા હતા, છતાં ૩જા ધોરણમાં બેસાડવામાં આવેલા આ વાતનું પણ દુ:ખ હતું. બાળપણમાં પણ માતાજીનો પ્રેમ ના મળ્યો.

## પ્રકરણ : ૭ આશ્રમ જીવનનો વિચાર

પૂ.શ્રી એવા વાતાવરણમાંથી તેજસ્વી તારલાની જેમ ચમક્યા.

પૂ.શ્રીને બાળપણમાં જે વીત્યું તેનો રોષ પ્રગટ કર્યો વ્યક્ત કર્યો. મને તો વીત્યું પણ બીજાંને ના વીતે. તે માટે કલમ ચાલી. અમારી હોસ્ટેલમાં સંચાલક બેન વિધવા હતાં. તેના ૩ પુત્રો સુરતના આશ્રમમાં જ રહેતા. એક તો ખૂબ નાનો હતો. તે બહેન મળવા જતાં અને કોઇક વાર બાળકો પણ મળવા આવતા. અમારાં રેકટર ગૃહમાતા પુષ્પાબેન હતાં. તે ખૂબ પ્રેમાળ અને સમજું હતાં. બાળકોને આવવા પણ દેતા અને પાછા જવા પણ દેતાં. વિદ્યાર્થીઓ તેમને પણ કેટલાક પાઠ શીખવતા.

## પ્રકરણ : ૮ આશ્રમ જીવનનો વિચાર–૨ નાટકની વાત વાંચી

પૂ.શ્રી મા લખે છે પૂ.શ્રી કોઇ નાટક કંપનીમાં જોડાઇ ગયા હોત તો! અમે હોસ્ટેલમાં પાંચ વર્ષ રહ્યાં કારણ અમો એક વર્ષ નાપાસ થયેલાં. પૂ.શ્રીના હોસ્ટેલના અનુભવ ૮ વર્ષના છે.

એક પ્રસંગ યાદ આવી જાય છે કે ''પ્રેમાળ સૂત્રધાર સંસ્થાની શોભા છે.'' તેમાં શ્રી દેસાઇ કાકા(ઘનશ્યામ દેસાઇ) ઇનામ લઇ

જાય તેવા હતા. આપણા સ્વર્ગારોહણમાં જે કોઇ ફોન કરે તેને વિગતે પૂછે, વાત કરે ને પછી જ મેસેજ બુકમાં લખે ને આગ્રહ કરે ક્યારે સ્વર્ગારોહણ આવો છો! કેવા પ્રેમાળ પુરુષ હતા! સ્વર્ગારોહણમાં કેટલાક એવાં પાત્રો પણ મળ્યાં જે ધમકાવે—રાજ ચલાવે! જોકે તેવાની બદલી થતી રહે છે. કારેલાં હોય તો જ શીખંડની કિંમત સમજાય.

### પ્રકરણ : ૯ આશ્રમ જીવનની બીજી વાતો

પૂ.શ્રી મા લખે છે પૂ.શ્રીની કસરત કરવાની ટેવ તો અમે રોજ જ જોતાં. પૂ.શ્રી ૧૫ મિનિટ શીર્ષાસન કરે. ૭૫ દંડ અને ૮૫ બેઠક કરે. અમે જોતાં થાકી જઇએ તેવી એ કસરત કરતા રૂમમાં દોડતા પણ ખરા. ચાલવા જવાનો નિત્ય ક્રમ. વ્યાયામ કરવાનો પણ નિત્યક્રમ. સુરતમાં અમે પ્રવચનમાં આવતાં ત્યારે પૂ.શ્રી રસ્તામાં ઉતરી જતા ને ચાલીને આવતા. ભાવનગરની શિબિરમાં પણ રોજ ચાલવા જવાનો ક્રમ પાળતા. એક વખત અમારી હરોળમાં બેસતા બેનને ગાડીમાં બેસાડેલાં. પૂ.શ્રી ફરવા જતા ત્યારે અમને એમ કે આપણી કોઇ પાત્રતા નથી તો અમને કોણ બેસાડે! તો બીજે વર્ષે સુરતમાં અમે રોજ પ્રવચનમાં જતાં. તો હોલ બંધ હોય તો મા ઓટલે બેસતાં. અમને પણ પૂ.શ્રી ફરવા જવાના સમયે ગાડીમાં લઇ ગયા. ગાડી ઊભી રખાવીને પોતે ચાલતા. ૬—૧૫ કલાકે પ્રવચન સ્થળે આવી જતા. હોલથી દૂર ગાડી ઊભી રખાવી ચાલતા જતા. નિયમિત ઘડિયાળના ટકોરે જીવન જીવી બતાવ્યું. ઉનાળામાં પણ સ્નાન બે વખત નિયમિત કરતા. વસ્ત્રો ધોવાની ટેવ બાળપણથી જ હતી. તો ઘણીવાર પોતે સ્નાન કરવા જતા તો ધોતી કે ટુવાલ જાતે જ ધોઇ નાખતા. ૧૯૮૩ની ૨૦ મી માર્ચે અમો મોરેશીયમસ હતા.



પૂ.શ્રી સ્નાન કરવા ગયા. એમણે શાલ ને ધોતી ધોઇ નાખી. અમે કહ્યું ''અમને કેમ ધોવા ના આપી?'' તો કહે કાલે ઊઠીને શરીર બગડે ને સેવકો આઘા પાછા થઇ જાય તો ધોવાની આ ટેવ કામ લાગે. ઇસ્ત્રી પણ જાતે જ કરતા. કહેતા કાલે ઊઠીને પ્રવચનનો ધંધો ના ચાલે તો ઇસ્ત્રીનો ધંધો કરી શકાય. મોરેશીયસમાં આ શબ્દો કહેલા.

ભાવનગરમાં એક કેલેન્ડર ખૂણામાં હતું. તે રૂમમાં વચ્ચે લગાવ્યું. પછી દટ્ટો લગાવી કહે જુઓ આપણે ઇન્ટીરીયર ડેકોરેર્ટસનું કામ પણ કરી શકીએ. સ્વચ્છતાની ટેવ તો પ્રેરક હતી. પૂ.શ્રીમા જોતા વાસણો કપડાંથી લૂછવા ના દેતા હોવાથી જ સૂકાવા દેતા હતા. સુરેન્દ્રનગરમાં અમે જમવા બેઠાં! એક ભાઈ સેવા માટે ઊભા હતા. ચમચી પૂ.શ્રીએ આપી. આ જરા ધોઇ આવો. દૂર નળ હતો. ધોઇને આવતા હતા વચ્ચે ખીસ્સામાંથી રૂમાલ કાઢીને લૂછીને લાવ્યા તો પૂ.શ્રીએ પાછી ચમચી ધોઇ લાવવા કહ્યું તો પાછું એવું જ કર્યું. ત્રીજી વખત રીપીટ કરી કહ્યું. ધોયેલી ચમચી આપણા ખીસ્સાના રૂમાલથી સાફ ના થાય! તેથી વધુ ગંદી થાય.

પોતાની અંદર પહેરવાની બંડી ફાટે તો ચોરસ ટુકડો બનાવી રાત્રે ઓશીકા ઉપર રાખતા, જેથી ઓશીકાનું કવર બગડે નહીં. એટલે સ્વચ્છતા, નિયમિતતા કરકસર પ્રત્યે પ્રેમ. ઘણું ઘણું પૂ.શ્રી પાસે શીખવા જેવું હતું. પોતે દિવસે ઓરડામાં ૧૧/૨ વારનું ખાદીનું ટુકડા જેવું પહેરતા. પ્રવચનમાં જ આખું ધોતિયું પહેરતા. પાછા આવી પાટલીની ઘડી સાચવીને મૂકી દેતા. કાલે હવે પહેરવા માટે સરળ થઇ જાય. પલંગની ચાદરનો એકપણ છેડો જરાક ઉંચો હોય તો જાતે ઉઠી સરખો કરી દેતા. એટલે

સુઘડતા પણ શીખવા જેવી હતી. બાળપણની ટેવ એમણે જીવનના અંત સુધી ચાલુ રાખી.

પૂ.શ્રીને ક્રિકેટની રમત ગમતી તો તે શોખપણ જીવનભર સાચવ્યો. સત્યપથમાં છેલ્લે હતા ત્યારે મેચ ચાલતી હતી. તો નાનો રેડિયો હતો તેના પર નિયમિત કોમેન્ટ્રી પણ સાંભળતા. પછી બેઠકમાં ક્રિકેટ અંગે કંઇ પ્રશ્ન હોય તો રસપ્રદ ચર્ચા કરતા. કોણ કેવું રમે? તેની પણ ચર્ચા કરતા હતા. વડોદરામાં ભરતે ટી.વી માળ ઉપર મૂક્યું ને પૂ.શ્રીને પહેલી અને છેલ્લી વખત મેચ ટી.વી. ઉપર બતાવેલી.

યોગતીર્થ સ્વર્ગારોહણમાં તેમના કસરતના ફોટાઓ છે શિબિરોમાં મંચ ઉપર તેમની કસરત જોવા મળતી. સ્વસ્થ અને મજબૂત શરીર હતું.

વ્યાયામ પ્રેમી પૂ.શ્રીએ એટલે જ પ્રણામની આ કસરત શીખવાડી છે. નિયમિત પ્રણામ શ્રી પ્રભાબેન જેવા પણ કરે છે. શ્રી પ્રભાબહેન કહે છે. ''મને ઘણો જ ફાયદો થયો છે.''

**પ્રકરણ : ૧૦ સત્યાગ્રહની ઝાંખી ને રૂચિ**

પૂ.શ્રી મા લખે છે ગાંધીજીનું દર્શન વિદ્યાર્થીવયમાં જ થયું તો કેટલી પ્રેરણા પ્રાપ્ત થઇ! ગાંધીજીની પવિત્રતા અને ગાંધીજીનો પહેરવેશ પણ પ્રેરક લાગ્યો. ગાંધીજીની જેમ પૂ.શ્રી પણ શાલ વીંટાળતા. જીવનભર ખાદી પહેરવાની પ્રેરણા ગાંધીજી પાસેથી જ મળી. અધ્યાત્મ તરફ ના વળ્યા હોત તો દેશપ્રેમી કોઇ રાજપુરુષ થઇ જાત.

૧૪ વર્ષની ઉંમરથી શ્રી નારાયણભાઇનો ઉલ્લેખ શરુ થયો. જે જીવનભર સંબંધ ટક્યો. શંકરલાલ ચોકસી જે મુંબઇમાં સાંઇ સુમન માસિકના તંત્રી હતા. તેમણે પૂ.શ્રીના લેખો છાપવા માટે



લીધા. તે પછી ઘણા ઘણા વર્ષો પછી મુંબઇમાં મળ્યા. પૂ.શ્રીની વિદાય પછી વયોવૃદ્ધ વડીલ શ્રી હસ્તલિખિત પૂ.શ્રીના કાવ્યો માને મોકલી આપ્યાં જેમાં પૂ.શ્રીનો પણ એક લેખ હતો અને બીજા પણ હતા.

**પ્રકરણ : ૧૧ આશ્રમમાં આરંભની અરુચિ**

પૂ.શ્રીમા કહે છે લીલામૃતથી પ્રકાશના પંથેને ભૂલી નથી જવાનું. આ આખો ગ્રંથ લીલામૃતથી રોજ રોજ તાજો થઇ જાયે છે. અહીં કોઇ લીલામૃત લાવ્યું છે? તેમાં આ બધા પ્રસંગો વણી લીધા છે. આપણે તો આજે પ્રારંભ કરવાના હતા તેને બદલે ૧૧ પ્રકરણ થઇ ગયાં. આ ''પ્રકાશના પંથે''ની યાત્રાના ૧૧ દર્શન તો કરી પણ લીધાં. હવે તમને કોઇ પૂછે ચારધામની યાત્રા કરી? તો હા કહેવામાં વાંધો નથી. ચાર નહીં બારધામની કરી. પૂ.શ્રીનો આ ગ્રંથ આપણા માટે મહામૂલ્યવાન છે કેટલું બધું શીખવાનું ને જાણવાનું મળે છે.

ફરો, ઊંઘો, કપડાં ધૂઓ, આરતીમાં જાવ, ભૂખ લાગે તો ખાવ, પણ ગપ્પા મારવા ન બેસવું. ગંગાજીના પવિત્ર અંકે જપ–તપ–પાઠ મંત્રગાન વગેરે કરવું.

**ખાસનોંધઃ–** લખવામાં મન કોરું રહી જાય ને પાના ભરાઇ જાય તેવું ન થાય, તે ધ્યાન રાખજો.

પ્રકરણ–૧૨,૧૩,૧૪,૧૫

પૂ.શ્રી મા કહે છે મહાપુરુષોને પ્રભુ બાળપણથી જ જગાડે છે. કેટલી નાની ઉંમરે પ્રાર્થનાની ઇચ્છા થઇ ને તે ટેવ બની ગઇ. ગીતાનો પણ જીવનમાં પ્રવેશ થયો.

માના દર્શન માટે હૃદયમાંથી ઉભરતું આક્રંદ. રામકૃષ્ણ દેવનું જીવન વાંચ્યા પછી પૂ.શ્રીને થયું કે ઈશ્વરને મા રૂપે જ

ભજવું સારું તેથી ઈશ્વરને 'જગદંબા' પ્રાર્થના કરવા માંડી અને તે પ્રાર્થનાની પ્રભુને કોઈ સમજ ન હતી છતાં માના દર્શનની તીવ્ર ઝંખના પ્રભુનું હૃદય ભાવ વિભોર અને કરુણ બની જતું. કેટલીકવાક રડવું પણ આવતું ત્યારે તેમના હૃદયમાંથી ભાવ ઉત્પન્ન થતા.

હે મા! મને શુદ્ધ બનાવ! મુક્ત બનાવ! દિવ્ય બનાવ! મારી નિર્બળતાનો નાશ કરી દે! મારા દૂષણ દૂર કર! મારી અશુદ્ધિઓનો અંત લાવી દે! એવું પણ કહેતા.

હેમા! હું નાનો બાળક છું છતાં મારા દિલમાં તમારા દર્શનની લગની લાગી છે. મારી આંખ તમારા માટે આતુર ને તરસી થઇ છે. તમારું સુંદર રૂપ જોવાનું મને મન થયું છે. તમારી સાથે વાતો કરવી છે તો મારા પર કૃપા કરો. તમે તો સર્વ સમર્થ છો. જે ધારો તે કરી શકો છો. તમે તો પ્રેમની મૂર્તિ છો. તમે તો દયાળું છો. મને દર્શન આપો.

આ રીતે નિત્ય પ્રાર્થનાઓ પ્રભુનું જીવન બની ગઈ. પ્રભુનું જીવન ૧૪ વર્ષે જે ઈશ્વર પ્રત્યેનું પ્રભુનું ધ્યાન, ત્યાગ ભાવના, સમર્પણ ભાવના. પ્રેમની ઝાંખી કેવી રીતે થાય છે, તેનું પૂ.શ્રી મા એમની સાથે રહીને જે દૃષ્ટિ જે દર્શન થયું તેની ચર્ચા કરે છે. ૧૪ વર્ષની વયથી જ રોજનીશી લખવાની પ્રેરણા મળે છે તે જ ઈશ્વરના દર્શન કરવાની ઝંખના જગાડે છે. પોતે બોર્ડિંગમાં રહીને પણ સાધના અને અભ્યાસ કરે છે તે અદ્‌ભુત છે. કોઈની પણ મદદ લીધા વિના પોતાનામાં જે કોઇ ભાવના જાગી ઊઠે છે તે પ્રમાણે તેનું તરત જ પાલન કરે છે. જે કાંઇ ધાર્મિક પુસ્તકો વાંચી, તે પછી મનમાં ભાવો ઉદ્‌ભવે છે તેની રોજનીશીમાં નોંધ કરે છે. (ક્રમશઃ)



# Following The Foot–Steps(2)

**–Pratik Smart**

It was December(Margshirsha) and the morning was cold. All eleven of us got inside the bus at 4:30 am and were then to the base at Dashrathanchal. This was the same mountain on which "Pujya Shree" had spent many days in Sadhna in the same month, so we had a chance to experience a bit of what he may have been through at that time. We waited for two other people to join us for this trip, Srichand who was our guide for the journey and Saroj Bahadur who was going to carry some of our goods. At their arrival we began our ascent on Dashrathanchal. As explained to us by "Pujya Maa" we started our journey with one Pranam at the base of the mountain, the feet of "Pujya Shree". It was dark and torch lights were our guide on the roadway. The path was concrete, layered with gravel and stones. We walked in one steady stream, each one of us was filled with an eagerness to reach up quickly where "Pujya Shree" had lived, and for most of us this was our first attempt to climb 8000 feet. At fre-

quent intervals we would get to see some local inhabitants climb up or down the path. Some of them had small mp3 players in their pocket that entertained them with some local songs on their trip, while others carried loads on their head. They were skillful, pushing their way through that climb very quickly while we had to make frequent halts and were often found gasping for breath. The climb had energized us and we often pulled away our heavy coats to cool ourselves, it felt like summer in this initial part of the climb. The roar of the river flow below was soon joined by faint sounds of melodious Bhajans from the top. “Sujan Kanda” must be close said one of them who had travelled this route before. With progress the tunes became clearer until we came and stood in front of the house from where those Bhajans were being played. We took our first break here for 10 minutes after a climb for about 2 hours. While some of us refreshed others livened up to the melodious singing of “Hari Om Sharan”. We took inspiration from the tune being sung “Aisa Pyaar Bahade Maiya, Charno Se Lag Jaoon Mein” and once again began our move to a



higher ground. Beyond “Sujan Kanda” the temperature started falling rapidly, the early morning light gave us some visibility. The concrete path had turned into a muddy path, a cool breeze swept across the mountain, for the first time we could see the coniferous trees close to us and humungous mountain ranges ranges in all directions. The first sight of the Sun over the horizon filled our hearts with reverence. We all took some time to watch the Sun come up into the sky; I bowed down with folded hands praying to the Sun God, seeking his mercy on this historic day in my life. The day break on one side was contrasted by a growing blob of dark clouds over a mountain next to us. Thunder and splash of rain drops soaked us and gave me the first feel of “Pujya Shree’s” presence amongst us. A giant Rainbow broke out from the clouds that further confirmed this fact. Very soon the rain converted into small specks of ice. Within some time we had moved through four seasons, “Pujya Shree” seemed to have given us an entire year on the mountain, taking us through all the seasons and gave us an unbelievable experience of his divine presence. Our hearts were

filled with through of “Pujya Shree” and we were quickly moving forward to our final destination. Within no time we reached the peak of the mountain, shouts of “Om Maa Prabhu” filled the air and we all chanted “Jai Jai Krupalu Maa” in unison. We were all ecstatic being at the peak of a mountain that once frequented by “Pujya Shree”.

All along I had desire to reach up quickly and get to see “Pujya Shree” in person. That wish was not fulfilled when we all reached the peak. Even then “Prabhu” had shown himself in many different ways. Through the four seasons and through the many rainbows, even the plants, birds and pebbles on Dashrathanchal seemed to be a part of “Pujya Shree”. From up on the top it felt as if the entire mountain was “Pujya Shree”. I felt like his child playing on his shoulders when we reached the peak. There was immense peace up there and a flow of happiness filled within us all. In such an unprecedented moment and along this path we had not been alone. We were constantly accompanied by “Pujya Maa” and her constant phone calls would keep us enthused, on course for our target.



Srichand and Saroj Bahadur had started a small fire for us to warm ourselves. We chanted our bavanis, Prayers and did our our pranams calling out for “Pujya Shree”. Many Photographs were clicked under the rainbow before we set out to another side of the montain that had historical significance. We visited two small caves that signified Shravan’s(A noted devotee of the Lord) parents. Thereafter we walked around the mountain side, on a very narrow foot path, to reach a small stream. This was a spot that Shravan had visited to get some water for his parents but was hit by an arrow shot by king Dashrath. Here too we received a call from “Pujya Maa.” She asked us to pray for “Pujya Shree” to come back along with us. She asked to promise him that we would practice “Maun” and “Nirjala” for 12 years. On our return we spent some time sitting in silence, praying and remembering “Pujya Shree”. We spent some time contemplating all that “Pujya Maa” was teaching us and the intensity that had to grow within us to get “Pujya Shree” back.

The descent was more arduous than the climb; we had a gigantic view of the slopes, val-

leys and mountains around us that could have intimidated anyone going down. Once more we received a call from "Pujya Maa" asking for all of to move down in a single file, together and slowly since the mountain path were slippery after the rain fall. Slowly we reached Sujan Kanda by which time many of us were tired in need of a break. We could see the village and the people who lived there in the daylight. They were self sufficient with almost everything available in the village itself. Livestock that provided milk products, grains and vegetables were grown on the slopes. Schools were also part of the village for the children's education. We stopped at the same house we had visited in the morning. The owner was educated and even cut out a compact disc of the songs we had heard in the morning for us. There were signs of progress in the village but the people still remained hospitable. Many of them offered us tea and inquired about our final descent. This was the toughest segment since there were concrets slabs that made the walk more difficult. We were in admiration of the people who lived there and made this journey almost every day. With



every step our feet grew heavier, the roar of "Maa Bhagirathi" grew louder and the sunlight seemed to grow dimmer. We soon reached the base and prostrated at the feet of the giant mountain, thanking "Prabhu ji" for making our trip a success. We followed "Pujya Maa's" instruction once again; drove back to hotel, had a hot water bath, ate a sumptuous meal celebrating our "yatra", chanted our evening prayers with more zeal than ever and finally went off to rest.

"Pujya Maa" is also the supreme healer. She provided us all an amazing nights' sleep and by the time we woke up she had taken away all the pain we had gained the day before. We all gathered in the morning for breakfast and to our astonishment not a single person had any body pain. As promised by "Maa" we were all fresh, recharged and cheerful. I tried to fill within me, as much as possible, the divinity that filled Devprayag. Each one of us gathered a souvenir from the town, filled bottles of "Ganga Jal", packed our bags and then made our way back to Haridwar.

Within a few hours we were back at the lotus feet of "Pujya Maa". She had devotees welcome

us with chandan tilak and rose flowers. She heard our individual experiences on the trip and laughed heartily at the enactment of some of us wobbling on our descent. She was an embodiment of all that we had experienced in the past few days. She was the creator, facilitator, enjoyers, traveler and healer for this entire journey. To thee, our eternal "Mother", we bow down a million times in reverence.

**February 21, 2012**
**Pratik Smart**

11 Climbers of Dashrathanchal

Nilesh Bhai, Tarak Bhai Sr, Tarak Bhai Jr, Ved Bhai, Daksha ben, Rakshita ben, Samit Bhai, Mayuri ben, Jigna ben, Mahu Bhai, Pratik



# રામકૃષ્ણ મિશનના સ્વામી તુર્યાનંદ

**—નવનીત કે શાહ**

કલકત્તામાં દક્ષિણેશ્વરમાં જેમણે કાલીમાતાની આરાધના કરી, સાક્ષાત્કાર કર્યો અને પછી અનેક શિષ્યોનું શિષ્યત્વ ઊજાગર કરી તેમને પણ સિદ્ધિની ટોચ પર પહોંચાડનાર પરમહંસ રામકૃષ્ણ દેવ જગતભરના આરાધ્ય બન્યા. વ્યવહારની દૃષ્ટિએ એવું ભણેલા પણ તેના અંતરમાંથી વેદ—વેદાંત અને ઉપનિષદના ગૂઢતમ રહસ્યો સહજતાથી નીકળતા હોય તેવા ગુરુના વિદ્વાન શિષ્ય સ્વામી વિવેકાનંદ પોતાના ધર્મના પ્રચાર સાથે જનસેવાના કાર્યો દેશ વિદેશમાં ફેલાવ્યા અને ગુરુજીના નામનો ડંકો વગાવ્યો અને માત્ર ૩૯ વર્ષની ઉંમરમાં જે કાર્ય ૮૦ કે ૧૦૦ વર્ષ સુધી નથી થતું તે તેમણે કરી બતાવ્યું. આ બધાનો યશ તે પોતાની અક્કલ હોશિયારી નહીં પણ પોતાના પર સતત વરસતી ગુરુકૃપાને જ આપે તેવા સ્વામી વિવેકાનંદના સાથીમિત્ર અને સહાયક, તેમના કરતાં ઊંમરમાં નવ દિવસ મોટા શ્રી હરિનાથ ચટ્ટોપાધ્યાય અંગે થોડી વાતો અહીં કરવી છે.

સ્વામી રામકૃષ્ણ બ્રહ્મલીન થયા પછીના વર્ષે તેમનો સંસ્પર્શ પામેલા થોડાક શિષ્યોએ સ્વામી વિવેકાનંદના નેતૃત્વમાં સામુહિક સંન્યાસ ગ્રહણ કર્યો તેમાં શ્રી હરીનાથનો સમાવેશ થાય છે. 'તુર્યાનંદ' નામ સંન્યાસ બાદ ધારણ કરી તેમણે અન્ય સાથીઓ સાથે આજીવન સેવા અને સમર્પણનો માર્ગ અપનાવ્યો અને આ માર્ગે તેઓ કેવી રીતે આગળ વધ્યા તે પ્રસંગોની આપણે ઝાંખી કરીએ. લગભગ સત્તર વર્ષની યુવાનવયે તેઓ પહેલીવાર

દક્ષિણેશ્વરમાં આવ્યા ત્યારે તેમણે શ્રી રા.કૃ. ને પૂછ્યું કે 'માણસ વાસનાઓમાંથી કેવી રીતે મુક્ત થઇ શકે? તેના જવાબમાં શ્રી રા.કૃ.એ કહ્યું, 'વાસનાઓને છોડવાની નથી પણ પ્રભુપ્રત્યે વાળવાની છે. એ અભીપ્સા વધશે તેમ વાસનાઓ આપમેળે ઓછી થઇ જશે.'

એક બીજા પ્રસંગે હરીનાથ શ્રી રા.કૃ.ને પૂછ્યું કે 'માણસના દિલમાં જ્ઞાનનું પરોઢ થયું છે તે કેવી રીતે ખબર પડે? તેના ઉત્તરમાં શ્રી રા.કૃ.એ કહ્યું 'જેને આત્મજ્ઞાન થયું છે તે કૂદકા મારતો નથી. બહારથી તે તેવો જ રહે છે, પણ ભીતરથી બદલાય છે. જેમ પારસમણિ લોખંડની તલવારને સ્પર્શથી સોનું બનાવે છે ત્યારે તેનો આકાર તેવો જ રહે છે પણ તે મુલાયમ બને છે અને કોઇને હણતી નથી.

થોડા સમય પછી હરીનાથ વેદાંતના અભ્યાસમાં એટલો તો ગટકાવ થઇ ગયો કે તે દક્ષિણેશ્વર ન આવતો. લાંબા સમય પછી જ્યારે તે ત્યાં ગયો ત્યારે શ્રી રા.કૃ.એ તેને કહ્યું 'તું વેદાંતનો અભ્યાસ કરે છે તે સારું છે પણ મને કહે કે વેદાંતનો ઉપદેશ શો છે? આ પ્રશ્નનો ઉત્તર પોતે જ આપતાં શ્રીરા.કૃ.એ કહ્યું 'બ્રહ્મ સત્ય છે જગત મિથ્યા છે, એજ ને? તો પછી તું સત્યને છોડીને મિથ્યાને શા માટે વળગી રહ્યો છે. આ વાર્તાલાપથી હરીનાથના જીવનમાં વળાંક આવ્યો. શ્રી રામકૃષ્ણનું જીવન જ હરીનાથ માટે એક દિવ્ય સંદેશ બની રહ્યું.'

શ્રી રામકૃષ્ણના બ્રહ્મલીન થવાના એક વર્ષ પહેલાં એટલે કે ૧૮૮૫માં હરીનાથને તેમણે કહ્યું, 'ભગવાન જીવ સ્વરૂપે અખંડ છે અને બીજા સ્વરૂપે સાપેક્ષ છે. જ્યાં સુધી માણસ મનથી વિશ્લેષણ કરે છે. ત્યાં સુધી તે પૂર્ણ સત્યને પામી શકતો નથી.



આત્મા, આત્માથી જ મળે છે. શુદ્ધમન શુદ્ધ બુદ્ધિ અને શુદ્ધ આત્મા આ બધાં એક જ છે.'

એક વાર હરીનાથે શ્રી રા.કૃ.ને સ્વાભાવિક રીતે જ પૂછ્યું કે સ્વામીજી કેમ છે?

આના ઉત્તરમાં મને સારું છે એવો ઔપચારિક જવાબ આપવાને બદલે શ્રી રામકૃષ્ણે કહ્યું, 'મને ઘણી વેદના છે, હું કાંઇ ખાઇ શકતો નથી. મારા ગળામાં અસહ્ય બળતરા થાય છ.

આ સાંભળી હરીનાથને થયું કે તેઓ તેની પરીક્ષા કરી રહ્યા છે એટલે તેમણે કહ્યું આપ ગમે તે કહો પણ ગુરુજી હું આપને અખંડ અને સમગ્ર આનંદ સ્વરૂપે નીરખું છું.'

ત્યારે શ્રી રામકૃષ્ણએ હસતાં હસતાં કહ્યું 'આ શેતાને મને ઓળખી લીધો છે!'

૧૮૮૯માં તુર્યાનંદ ઋષિકેશ ગયા અને પછી સ્વામી સારદાનંદ સાથે તેમણે ગંગોત્રી બદ્રીનાથ વગેરે સ્થળોની યાત્રા કરી.

એકવાર રાજાપુરમાં હરીનાથ સાધના કરતા હતા ત્યારે પોલીસને વહેમ કે આ કોઇ જાસૂસ લાગે છે. તેમના અનેક સવાલોના જવાબ તેમણે મૂળ જ નિર્ભિકતાથી આપ્યા અને હિંમતભેર બોલ્યા કે 'તેઓ યમથી પણ ડરતા નથી તો પોલીસનો ડર કેવો?' તેમની તેજસ્વીતા અને નિર્ભયતા જોઇ પોલિસનો વહેમ દૂર થયો એટલું જ નહીં પણ પાછળથી એ પોલીસ તેમનો શિષ્ય બન્યો.

૧૮૮૯માં સ્વામી વિવેકાનંદે, તુર્યાનંદને કેલીફોર્નીયા બોલાવ્યા. અને વેદાંતના વર્ગો લેવાનું કામ સોંપ્યું. તે તેમણે કુશળતાપૂર્વક પાર પાડ્યું અને શ્રોતાઓનાં મન જીતી લીધાં. ત્યાં

તેમણે શાંતિ આશ્રમની સ્થાપના કરી. આ આશ્રમ આજે પણ કાર્યરત છે અને અનેક શ્રદ્ધાળુઓ આ આશ્રમની મુલાકાતે જઇ પવિત્ર વાતાવરણનો લાભ લે છે.

રામકૃષ્ણ મિશનના સ્વામી ચેતાનંદે અંગ્રેજી પુસ્તક 'ગોડ વીથ ધેમ' માં મિશનના સંન્યાસી શિષ્યોનો પરિચય આપ્યો છે તેમાં સ્વામી તુર્યાનંદનું વર્ણન આઠમા સ્થાને કરેલું છે.

ત્યારથી પછી અનેક વર્ષ રામકૃષ્ણ મિશનમાં સેવા અને સમર્પણ સાથે તુર્યાનંદ રહ્યા અને ૨૧/૭/૧૯૨૨ ના રોજ પોતાના પાર્થિવ દેહનો કલકત્તામાં ત્યાગ કર્યો.

આ વર્ષના જાન્યુઆરી મહિનામાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ જગતે ઉત્સાહજોર ઊજવી અને આખું વર્ષ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા દોઢસોમી જન્મજંયતિ મનાવવામાં આવશે. આ પ્રસંગે આપણે સૌ તેમના જ સંન્યાસી સાથી સ્વામી તુર્યાનંદનું પુણ્ય સ્મરણ કરી તેમને શબ્દાંજલિ કે ભાવાંજલિ આપીએ.

ફુલોમાં જે સ્થાન સુગંધનું છે,
ફળોમાં જે સ્થાન મીઠાશનું છે,
ભોજનમાં જે સ્થાન સ્વાદનું છે,
એવું જ સ્થાન જીવનમાં સદાચારનું છે.

**—યોગેશ્વરજી**



# યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા

**—ડૉ.અરુણિકા મનોજ દરૂ**

## પરજનહિતાય પ્રવૃત્તિ (૧) પ્રવચનો

ઈ.સ ૧૯૬૩માં ઈશ્વરેચ્છાનુસાર યોગેશ્વરજી માતાજી સાથે મસૂરીમાં નવભારત હોટલમાં રહેતા હતા. લાગલાગટ છ વર્ષ જેટલા લાંબા કાળ સુધી પ્રત્યેક વર્ષે ત્રણ માસ ત્યાં રહેતા. ઠંડીનું પ્રમાણ વધે એટલે ઓક્ટોબરની શરૂઆતમાં ઋષિકેશ ચાલ્યા જતા. છઠ્ઠે વર્ષે ત્યાંની થિયોસોફિકલ સોસાયટીના આમંત્રણથી સત્સંગપ્રેમી જનતા સમક્ષ યોગ વિષે તેમણે હિન્દીમાં પ્રવચન આપ્યું. આ એક પ્રવચનથી મસૂરીની પ્રજામાં તેમની ખ્યાતિ પ્રસરી ગઇ.

મહાત્મા ગાંધીજીએ મસૂરીમાં સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ કરે એવી ગરીબોની સેવાની સંસ્થા હોય એવી ઇચ્છા વ્યક્ત કરેલી. એમની ઇચ્છાને સાકાર કરવા ઉદ્યોગપતિ દાસસાહેબે ગાંધીનિવાસ સોસાયટી આવશ્યક સંશોધન અને સંવર્ધન સાથે નવેસરથી તૈયાર કરાવી. તેમાં યોગેશ્વરજીને કોઇ પણ રકમ લીધા સિવાય રહેવાની પ્રથમ પસંદગી આપવાનો ઠરાવ કરાવ્યો. યોગેશ્વરજી અત્યાર સુધી હોટલમાં ભાડે રહેતા. પોતાને ખર્ચે આજીવિકા ચલાવતા અને પ્રવચન દ્વારા જનસેવા કરતા હતા. ૧૯૬૬ થી નવી યોજના અમલમાં આવી. તેથી યોગેશ્વરજી વરસમાં પાંચ માસ મસૂરી રહેતા. ચાર માસ પ્રવચનો ચાલતાં, તેથી તે સોસાયટીના સભ્યો વધ્યા.

પ્રવચન—પ્રવૃત્તિનું અન્ય શુભ પરિણામ પણ આવ્યું. જનસંપર્ક વધ્યો. તેથી પ્રવચન માટે જુદે જુદે સ્થળેથી આમંત્રણ

મળવા લાગ્યાં. દહેરાદુન, ઋષિકેશ, મેરઠ, મુજફ્ફરનગર, દિલ્હી, આગ્રા, વૃંદાવન, અલીગઢ, કાનપુર, અલ્હાબાદ, કલકત્તા, કોટા, દેવબંધ, જગાધરી, અમૃતસર કપૂરથલા– ઠેકઠેકાણે જાહેરમાં તથા કોલેજોમાં પણ પ્રવચનનાં કાર્યક્રમો ગોઠવાયા. મહારાષ્ટ્ર અને ગુજરાત સૌરાષ્ટ્રમાં, મુંબઈ, પૂના, નાગપુરુ, વડોદરા, સુરત, વલસાડ, અતુલ, ભરૂચ, ઝઘડિયા, નડિયાદ, આણંદ, અમદાવાદ, ધોળકા, ભાવનગર, રાજકોટ, પોરબંદર, મોરબી, જૂનાગઢ, માંગરોળ તથા જામનગરમાં પણ કાર્યક્રમો ગોઠવાતા ગયા અને એ રીતે પ્રવચનની પ્રવૃત્તિ વિસ્તરતી ગઈ. આમ લગભગ ઉત્તર અને મધ્ય ભારતમાં એમનો યશ વ્યાપક બન્યો.

ઈ.સ. ૧૯૬૯ થી ૧૯૭૬ સુધીના સમયમાં મસૂરીનાં પ્રવચનો દરમ્યાન ચાળીસ હજાર જેટલી રકમ એકઠી કરવામાં આવેલી, તેમાંથી વિદ્યાર્થીઓની સેવાનું કલ્યાણકાર્ય શરૂ થયું. સોસાયટી માટે આ સંત યોગેશ્વરજી પ્રેરણાના સતત સ્રોત બન્યા હતા, એટલે તે લોકોએ સર્વસંમતિથી યોગેશ્વરજીને સોસાયટીના માર્ગદર્શક નીમ્યા.

ઈ.સ. ૧૯૭૫માં અમૃતસરમાં વેદાંતસંમેલનના રજતજયંતી મહોત્સવમાં તેમનાં રોજ પ્રવચનો થતાં. છેલ્લે દિવસે યોગેશ્વરજી સમારંભના અધ્યક્ષપદે હતા. તેમનાં તે પ્રવચનો અતિ પ્રશંસા પામ્યાં. સ્વકલ્યાણનું કાર્ય પૂર્ણ થતાં યોગેશ્વરજીએ સર્વકલ્યાણની પ્રવૃત્તિ હાથ ધરી હતી તેના પાયાની શરૂઆત જાહેર પ્રવચનોથી થઈ.

યોગેશ્વરજીનાં પ્રવચનો ભારતભરમાં જુદાં જુદાં રાજ્યોમાં



અને શહેરોમાં તેમજ ગામડાઓમાં યોજાવા લાગ્યાં હતાં. અધ્યાત્મના કોઈ પણ વિષય પર યોગેશ્વરજી એકધારું, સુવ્યવસ્થિત, મુદ્દાસર, ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં બોલી શકતા. તેમની પ્રવચનશૈલી સરળ તથા સદૃષ્ટાંત રહેતી. શ્રોતાઓ મંત્રમુગ્ધ બની સાંભળતા. પ્રવચન હંમેશા નિર્ધારિલા સમયમાં સહજ રીતે પૂર્ણ થતું અને શ્રોતાઓને તત્ત્વજ્ઞાનના ગહન રહસ્યો સહેલાઈથી સમજાઈ જતા. તેમની સમસ્યાનું સમાધાન થઈ જતું. આમ શ્રેણીબદ્ધ પ્રવચનો દ્વારા તેમની ખ્યાતિ ભારતમાં તથા ભારતની બહાર પ્રસરતી ગઈ. તે પછી તો વિદેશોમાંથી પણ આમંત્રણ મળવા લાગ્યા. પ્રથમ વિદેશયાત્રા શરૂ થઈ ૧૯૭૭ના જુલાઈમાં. ત્યારથી આરંભીને તે તેમણે પાર્થિવ દેહ છોડ્યો ૧૯૮૪માં ત્યાં સુધીમાં સાતેક વર્ષના ગાળામાં પાંચેક વખત વિદેશયાત્રાના સુઅવસરો તેમને પ્રાપ્ત થયા. ભારતના આધ્યાત્મિક વારસાને પ્રસરાવવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. એ દૃષ્ટિએ એમણે ખેડેલા એ વિદેશપ્રવાસો અતિ મહત્ત્વના ગણી શકાય.

પ્રથમ વિદેશયાત્રા જુલાઈ ૧૯૭૭માં માતાજી સાથે ઈંગ્લાંડની કરી. બીજી વાર ૧૯૭૮માં માતાજી સાથે ઈંગ્લાંડ ઉપરાંત અમેરિકા અને કેનેડા ગયા. ત્રીજીવાર ૧૯૭૯ના જુલાઈમાં તેમના પરમ શિષ્યા મા સર્વેશ્વરી સાથે કરી ત્યારે ઝામ્બિયાના હિંદુ સમાજના અખિલ ઝામ્બિયા ભજનસંમેલનમાં અતિથિવિશેષ તરીકે જવાનો સુયોગ સાંપડ્યો હતો. ચોથી વિદેશયાત્રા ઓગસ્ટ ૧૯૮૧માં મા સર્વેશ્વરી સાથે ઈંગ્લાંડ, અમેરિકા, કેનેડાની કરી. પાંચમી ૧૯૮૩માં મા સર્વેશ્વરી સાથે

દક્ષિણ આફ્રિકાની કરી. આ વિદેશયાત્રા દરમ્યાન અંગ્રેજીમાં પ્રવચનો થતાં ઉપરાંત ધ્યાનસાધના શિબિરો થતી. ક્યારેક વર્તમાનપત્રો દ્વારા મુલાકાત થતી. રેડિયો વાર્તાલાપ પણ યોજાતા. આ પાંચે વિદેશયાત્રા દ્વારા યોગેશ્વરજીએ ભારતીય સંસ્કૃતિની, વિદેશોમાં સૌરભ પ્રસરાવવાનું મંગલ કાર્ય કર્યું હતું. આ યાત્રા દરમ્યાન નિયમિત રીતે વ્યાયામ, ગીતાપાઠ, માળા અને આવશ્યક લેખનકાર્ય તો ત્યાંય ચાલુ જ રહેતાં. જાહેર પ્રવચનો યોજાતાં. મા સર્વેશ્વરીના વાર્તાલાપ પણ યોજાતા. ભજન, આરતી ધૂન વગેરે કાર્યક્રમો પણ યોજાતા.

### (૨) શિબિરો

યોગેશ્વરજીના સાન્નિધ્યમાં ગુજરાતમાં દર વર્ષે સાત દિવસનો શિબિર યોજાતો. આ શિબિરસપ્તાહમાં ધ્યાનની ત્રણ બેઠકો, યોગાસનો, આધ્યાત્મિક પ્રશ્નોત્તરી, ગીતાપાઠ, સમૂહસંકીર્તન, પ્રવચન જેવા કાર્યક્રમો થતા. કોઈપણ જાતના ભેદભાવ વગર લોકો મોટી સંખ્યામાં તેમાં ભાગ લેતા. ૧૯૭૩ થી તે ૧૯૮૩ ના એક દાયકા દરમ્યાન આવી દસેક શિબિર(એક અપવાદ બાદ કરતાં) નિયમિત યોજાયેલી. આ શિબિરો વડોદરા, સુરત, નડિયાદ, ભાવનગર, ભરૂચ, અમદાવાદ મોરબી વગેરે સ્થળોએ યોજાયેલી.

### (૩) સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજસેવા

૧૯૭૮માં યોગેશ્વરજીએ સમાજસેવા અર્થે એક ટ્રસ્ટની સ્થાપના કરી હતી જેનું નામ છે 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ' જે હાલમાં મા સર્વેશ્વરીની રાહબરી હેઠળ સમાજસેવાના વિવિધ ઉપયોગી કાર્ય નિરંતર કરી રહ્યું છે.



### (૪) અધ્યાત્મ માસિક

૧૯૭૯માં ગુજરાતી જનતાને, સારું, સસ્તું ધાર્મિક માસિક આપવાના શુભાશયથી તેમણે 'અધ્યાત્મ' મેગેઝીન શરૂ કર્યું. આ સામયિક તેમના બાળસખા નારાયણભાઈ જાનીના સબળ તંત્રીપદે આજદિન સુધી ચાલુ રહ્યું છે. વિવિધ પ્રકારની સામગ્રીથી ભરેલા આ સામયિકમાં યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીના પ્રેરક અને મોહક લખાણો પ્રસિદ્ધ થતાં રહે છે. મા સર્વેશ્વરીની કલમે લખાતું યોગેશ્વર કથામૃત અધ્યાત્મનું અનોખું આકર્ષણ છે.

### (૫) ધ્યાનકેન્દ્રો

યોગેશ્વરજીના જાહેર પ્રવચનો દરમ્યાન અમદાવાદ, વડોદરા, ભાવનગર, સુરત, મુંબઈ, મોરબી અને રાજકોટ જેવાં મોટાં શહેરોમાં ધ્યાનકેન્દ્રોની સ્થાપના થઈ. જેમાં દર રવિવારે સાધકો એકત્ર થઈ, સામૂહિક ધ્યાન ધરે છે. હવે તો વિદેશોમાં પણ આવાં ધ્યાનકેન્દ્રો શરૂ થઈ ચૂક્યાં છે.

(ક્રમશઃ)

''મારું કશું નથી'' આનો સ્વીકાર કરવાથી માણસ ''નિર્મળ'' બની જાય છે. ''મારે કશું ન જોઈએ''—આનો સ્વીકાર કરવાથી માણસ ''નિષ્કામ'' બની જાય છે. ''મારે મારા સ્વયં માટે કશું કરવું નથી'' —આનો સ્વીકાર કરવાથી માણસ નિર અહંકારી બની જાય છે.

**—યોગેશ્વરજી**

# પનામાનો પુણ્ય પ્રવાસ

—મા સર્વેશ્વરી

**પનામા ૮/૮/૦૫ સોમવાર**

પ્રભાતે ઉઠતાં જ પ્રભુને પ્રણામ કરવાની જે ટેવ છે તે આજે જરા હળવેથી નમવું પડ્યું. યાત્રાનો પ્રસાદ બન્ને ચરણોએ ચાખ્યો હતો ને એથી જરા વાર લાગી.

૨૭૧ પ્રણામ કરતાં આજે દોઢ કલાક વીત્યો. કલ્પના કરવી પડે કે યાત્રાના પ્રસાદનો પ્રભાવ કેવો હતો.

હા, ૨૭૧ પ્રણામ તો થઇ ગયા ને પછી યાત્રાના પેલા પ્રસાદનો (પરિશ્રમનો) શરીરમાં પ્રસાર પ્રારંભ પામ્યો. પરિણામે પરમ વિશ્રામ ફરજીયાત બન્યો.

૩ થી ૬ સત્સંગમાં હળવે રહીને જાણે ધ્યાનસ્થ યોગીની જેમ દરેક પગલે સાવધાન જાગ્રત બનીને પગલાં ભરતા ભરતા મા નીચે પહોંચે છે બેઠક લે છે.

આજે નાનકડી ગોપી.

‘મા મારી મા. તારા શરણે લઇ લે.’ એ શબ્દો ઉપર એક નાનકડું નૃત્ય રજૂ કરે છે. શ્રી અરવિંદભાઈને સ્વર્ગારોહણનું સ્મરણ કરાવી ગઈ.

આજે તો જાણે આભારવિધિનો કાર્યક્રમ શરૂ થયો.

આજે હંસાબેન, પદ્માબેન, પ્રભુદાસભાઇ, મુન્નીબેન અને શાંતાબહેન પનામાના પર્વને આભાર સાથે વધાવે છે.

ગઈ કાલની યાત્રા જેમણે માણી તેવી ત્રણ—ચાર બહેનો પણ ભાવવિભોર બનીને પર્વને, યાત્રાને વધાવી રહી.



આજે કાર્યક્રમ પછી જે જે વિદ્યાર્થીઓ મા સાથે યાત્રા કરી તે તે બાળકોનો મા સાથે ફોટો પાડવાનું કાર્ય પણ થયું.

નવ વાગે ઉપર આવી જવાનું બને છે. કેનેડાના અનિલ, ઉમેશ, જગુભાઈને મા પનામાના કાર્યક્રમ ઉપર અધ્યાત્મ માટે કંઈક લખવાનું સૂચવે છે.

દક્ષા, ટીનુ પણ આજે મળે છે. શ્રી ગુલાબબહેન, રંજનબહેન, ગોવિંદભાઈ અને સવાનાવાળા બહેન પણ મળે છે.

એ બહેનનું એક સંતાન વારંવાર સંતાપ ધરીને પ્રહાર કર્યા કરે છે મા તેમને મમત્વ છોડો ને પ્રભુ સાથે તાર જોડો એ વાત વિગતે સમજાવે છે.

આજે યજમાન પરિવારના બે સહાયક મિત્રો પરિવાર સાથે મળે છે.

અજયભાઇ, વર્ષાબેન, વિનોદભાઇ, સરોજબેન તથા રમીલાબહેન, વિશાલ, વૈશાલી, જેસલ વિગેરે વળી દિવ્યેશ બીના પણ સૌ સાથે માને મળે છે.

એ ત્રણ પરિવારનો ઘણો મોટો સહયોગ છે. મા ધન્યવાદ આપે છે.

આજે ત્રણ—ચાર બાળકો કોક છોડવાની વાત સામેથી કરે છે.

આજે તો કોલેજીયન ભાઇઓ પણ મા જલ્દી જલ્દી પાછા આવજો એવું કહેવા માંડ્યા છે.

શ્રી ગુલાબબહેન તો આ આખાયે પર્વને રાજસૂય યજ્ઞ સાથે સરખાવ્યા કરે છે કહે છે મા વારંવાર પધારો તો જ આ બાળકોને સત્સંગનું ભાથું મળશે. તમારી હાજરીથી ઘણા

બાળકોને નવજીવન મળી રહ્યું છે.

તો વળી દિવ્યેશ તો કહે છે મા અહીં એક નાનું સ્વર્ગારોહણ કરીએ.

વિનોદભાઇ કહે મા અહીં જ રહી જાવ.

સૌ પોતપોતાના ભાવ વ્યક્ત કરે છે. પ્રેમ વિના કોણ આવું કરી શકે?

આજે જનારા પણ સૌ પનામાના પ્રેમ ને સેવાને વાગોળતા રહ્યા.

લગભગ બધાએજ પ્રથમવાર પનામાની યાત્રા કરી ને ભરપૂર પ્રેમ ને સેવા માણી. વારંવાર આવવું ગમે તેવી અતિથિ સત્કારની ભાવના સૌને સ્પર્શી ગઇ.

હે હરિ, આ બધી તારી જ કૃપા છે. સૌને સ્પર્શી ગઇ. સૌના હૈયે જાણે તું હેત બનીને વરસી રહ્યો છે.

હે પ્રેમ સ્વરૂપ પરમાત્મા, સમગ્ર સૃષ્ટિને પ્રેમ કરી શકીએ એવી પ્રેમ કરી શકીએ એવી પ્રેમની પ્રસાદી ધરી દે.

પ્રણામ, હે પ્રભુ પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આજે સતત ૮/૮/૮૧નું સ્મરણ રહ્યું.

૮ ઓગસ્ટ ૧૯૮૧ હે પ્રભુ આપે પૂ.માતાજીની વિદાય પછી પ્રથમવાર માને સાથે રાખી વિદેશયાત્રા કરી હતી. આજે ઇંગ્લેન્ડ, લંડનની ધરતી ઉપર શ્રી હરિ આપે પુનિત પગલાં પાડ્યાં હતાં. કેટલીક તારીખ, કેટલીક ઘટના, કેટલીક વ્યક્તિઓ, કેટલાક સ્થળો, કેટલાક શબ્દો જાણે મન—અંતરને માણવાના વિષયો બની જતા હોય છે.

હા, એ વિદેશયાત્રાનો દિવસ હતો. મુંબઇના એરપોર્ટ ઉપર



ભક્તો વિદાય આપી રહ્યા હતા. સંત ભગવંતની સંગે હવાઇયાત્રા થઇ. સંત ભગવંતની સંગે સન્માન પામ્યા. જગમંચે મૂકાયાં.

એ યોજના જ હતી. અનંત જન્મોનું એ ભાવિતવ્ય હતું. થઇને જ રહ્યું. પરમશક્તિના સર્વ શબ્દોએ સત્યના શણગાર સજ્યા. ને અનેકના આશ્ચર્ય વચ્ચે સૌના પ્રણામ સ્વીકારી આગળ વધ્યા.

એ ઐતિહાસિક દિન હતો. આઠમી તારીખ ને આઠમો ઓગસ્ટ માસ અને ઇ.સ. પણ ઓગણીસો એક્યાંશી.

પરમશક્તિ ધારે ત્યાં ધારે ત્યારે, ધારે તે પાત્રને પોતાના પરમ સ્થાને પહોંચાડે જ છે. એ પરમ શક્તિના પાવન શ્રી ચરણોમાં પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# નમામ્યહમ્

**–શ્રી રાજુભાઈ જાની**

સ્વર્ગારોહણના સૌ સાધકોને અચાનક જ સંદેશો મળે છે. તા. ૮ એપ્રિલ ૨૦૧૨ ને રવિવારે સવારે ૮ થી ૧૦ બે કલાક પૂ.શ્રી માની ઉપસ્થિતમાં સ્વર્ગારોહણમાં એક વિશેષ કાર્યક્રમ આયોજીત થયેલ છે. જેમને અનુકુળતા અને ઈચ્છા હોય તેમણે પહોંચી જવું. સૌ આયોજકોને પૂછે છે. શું વિશેષ કાર્યક્રમ છે? જવાબ માત્ર એટલો જ કે "એ તો પૂ.શ્રી મા જાણે!" અને તા. ૮ એપ્રિલ સવારે ૮ વાગ્યા સુધીમાં તો લગભગ ૩૦૦ ભક્તો સ્વર્ગારોહણના સત્સંગ હોલમાં હાજર થઈ જાય છે.

**નવી સીડીનું વિમોચન**

પૂ.શ્રી મા ની સૂચના અનુસાર પ્રણામથી બેઠકનો પ્રારંભ થયો અને બરોબર ૮:૦૦ વાગે '**નમામ્યહમ્**' દ્વારા શ્રી દેવેશ દવેના સુમધુર કંઠે પૂ.શ્રી ગુરુદેવ તથા પૂ.શ્રી માની બાવની, ધૂન મંત્રગાન અને સ્વર્ગારોહણની નિત્યપ્રાર્થનાઓ ૮૦ મીનીટ સુધી પ્રભાતના મંગલમય વાતાવરણમાં ગૂંજી ઉઠી. પૂ.શ્રી માની આ નવી સી.ડી.ના વિમોચન માટે કેવી અનેરી યોજના! અને આ રીતે એક અદ્‌ભુત સી.ડી. સ્વર્ગારોહણના સાધકોને પોતાની નિત્ય પ્રાર્થનાઓ માટે ઉપલબ્ધ બની. રૂા.૨૫/–માં વેચાણ માટે મૂકેલી સી.ડી. તા. ૮ ના દિવસ દરમ્યાન ખરીદનારને શ્રી બીપીનભાઈ તન્નાએ પોતાના જન્મદિન નિમિત્તે પ્રત્યેક સી.ડી.દીઠ રૂા.૫/– ની સહાય આપી. રૂા.૨૦માં જ ઉપલબ્ધ કરાવી.



તેવી જ રીતે આખા વર્ષ દરમ્યાન સતત અભ્યાસમાં પ્રવૃત્ત જે બાળકોને વેકેશન મળ્યું તે બધા જ પૂ.શ્રી મા પાસે આવી પહોંચ્યાં. તો તેમાંના વિશેષતા સિદ્ધિ મેળવનાર બાળકોને પણ પૂ.શ્રી માએ વિશિષ્ટ રીતે પુરસ્કાર/પ્રસાદ અને હારતોરાથી સન્માન્યા. જેમાં ૮ બાળકો પૂ.શ્રી માના વરદ હસ્તે સૌ સાધકો/ભક્તોની ઉપસ્થિતિમાં વિશેષ સન્માન પામ્યા. જયશ્રીબેન ભક્તે તેમની આગવી શૈલીમાં આ બાળકોના સન્માનનો પદવીદાન સમારંભ સંચાલિત કર્યો.

**બાળ પદયાત્રીઓનું સન્માન**

તા. ૧૮મી માર્ચે પૂ.શ્રીના દિવ્યસ્વરૂપ પ્રાગટ્ય પર્વ નિમિત્તે સત્યપથ(સર્વયોગમ સ્કુલ)થી સરોડાની આયોજીત પદ યાત્રા દરમ્યાન દસ વર્ષથી નાની ઉંમરના બે બાળકોએ પૂ.શ્રી ગુરુ ભગવંત પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને ભક્તિભાવનું દર્શન કરાવતાં ૩૧ કી.મી. ની યાત્રા પગે ચાલીને પૂર્ણ કરી.

(૧) શ્રી દૃષ્ટા પ્રદ્યુમ્ન શુકલ–અમદાવાદ

(૨) શ્રી પૂણ્યા દિલીપકુમાર ઉપાધ્યાસ–વડોદરા

સૌ વડીલોની સાથે પૂ.શ્રી ગુરુભગવંતના બે તીર્થો વચ્ચેની પદયાત્રા આ બાળકોએ જે ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ધૂન અને સંકીર્તન સાથે પૂરી કરી, તેનું સન્માન આ બાળકો આ વિશેષ સમારંભમાં પામ્યાં.

અમદાવાદની દિક્ષા જાની ભરત નાટ્યમની તેની કલા ટૂંક સમયમાં વિદેશની ધરતી પર નિર્દેશન અર્થે પસંદગી પામી દુબઈ જઈ રહી છે. તો સત્યપથના સહાયક સેવક શ્રી નરેન્દ્રભાઈ ઠાકરની પૌત્રી તરણીએ થોડા સમય પહેલાં તબલા વાદક સામી ગ્રૂપ સાથે સતત લાંબો સમય તબલા વગાડવામાં વિક્રમ સર્જી ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે.

સ્વર્ગારોહણને જગમંચે લઇ જનાર એ બે બહેનો પણ વિશેષ સન્માન તેમની આ વિશિષ્ટ સિદ્ધિ માટે પામ્યાં.

શ્રી બિપીનભાઇ તન્નાનો જન્મદિન હોઇ સૌએ તેમના શુભ–મંગલ માટે પ્રાર્થના કરી તો પૂ.શ્રી એ રક્ષમામ્‌ની શાલ સાથે તેમને રક્ષા કવચ ધર્યું.

### નિષ્ઠાની સિદ્ધિઓ

પોતાની શૈક્ષણિક પ્રવૃત્તિની સાથે શહેરમાં અને શાળામાં આયોજાતી અનેકવિધ સ્પર્ધાઓ પૈકી સ્કેટીંગ/ચિત્રકામ/ગરબા/વકૃત્વ/લેખન/વાંચન/દેશભક્તિના ગીત/સંસ્કૃત શ્લોકોના ગાન જેવી અનેક સ્પર્ધાઓમાં લગભગ ૮ ગોલ્ડ, ૨ સીલ્વર મેડલ અને અનેક મેરીટ સર્ટિફીકેટ મેળવનાર આઠ વર્ષની નિષ્ઠા નિરેન પંડ્યાને તેની સર્વાંગિક સિદ્ધિ અને સર્વોત્તમ શૈક્ષણિક પરિણામ પ્રાપ્ત કરવા માટે સ્વર્ગારોહણનું આ વિશેષ સન્માન પ્રાપ્ત થયું.

### કૃપાની વિશેષતા

આકસ્મિક રીતે જ અચાનક જ જીવનપટ પરથી પ્રેમાળ પિતાની વિદાયનો ક્યારેય ન ભૂલાય તેવો આઘાત હૃદયમાં હોવા છતાં પોતાની તેજસ્વી શૈક્ષણિક કારકીર્દી માટે સતત જાગૃત પિતાને સુંદર પરિણામ દ્વારા શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ ધરનાર બેન કૃપાએ તેની M.B.Aના બીજા સેમેસ્ટરની ઇન્ટરનલ પરીક્ષા દરમ્યાન ૧૦૮ વિદ્યાર્થીનીઓમાં પ્રથમ સ્નાન પ્રાપ્ત કર્યું. તો પૂ.શ્રી માએ વિશેષ સન્માન દ્વારા શ્રી જાગાણીનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કરી આશીર્વાદ આપ્યા.

### અંગ્રેજીમાં વિશેષતા

સામાન્ય માન્યતા છે કે ગુજરાતમાં ભણતાં બાળકો ભલેને અંગ્રેજી માધ્યમમાં ભણતાં હોય તેમનું અંગ્રેજી ભાષા પરનું



પ્રભુત્વ નબળું હોય છે. પરંતુ વૈશણવી એ. ગોહિલ ભાવનગર અને નિત્યા અજય કલોલા રાજકોટ આ બંને બાળકોએ અંગ્રેજી ભાષા પરના તેમના પ્રભુત્વ દ્વારા સૌને અભિભૂત કરી દીધા. આ બંને બાળાઓ પણ તેમની આ વિશેષતા માટે આજે વિશેષ સન્માનની અધિકારી બની.

## એ દિવસની કેટલીક વિશેષ વાતો

**–જ્યોત્સ્નાબેન ત્રિવેદી**

આજે નમામ્યહમ્ કેસેટના શ્રવણથી પૂ.મા ને ખૂબ આનંદ થાય છે. તેનો આનંદ માણવા માટે પૂ.મા આંખ બંધ કરીને તેનું શ્રવણ કરવા સાધકોને સૂચવે છે. વળી આ કેસેટનું શ્રવણ દેશ–વિદેશમાં સર્વ સાધકોને પણ તે સી.ડી. સંભળાવીને પૂ.મા પોતાનો આનંદ અભિવ્યક્ત કરે છે.

આજે પૂ.શ્રીમાની સતત ઉપસ્થિતિમાં આ સંગીતમય કેસેટની શ્રવણની મધુરતા સર્વ સાધકો પણ માણીને આનંદ અનુભવે છે. ''માણ્યું તેનું સ્મરણ કરવું તે છે એક લ્હાણું'' આ લ્હાણાના પીરસનાર આપના પૂ.માના શ્રી ચરણોમાં કોટી–કોટી પ્રણામ તો પૂ.ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીને પણ તેમની આ બાવનીઓ, સ્તુતિઓ વગેરેના નિમિત્ત બનવા માટે અંતરના અંતરતમથી સાષ્ટાંગ પ્રણામ.

બાળકોમાં રહેલા સારા ગુણોનું દર્શન કરી બેસી ન રહેતા પૂ.મા તેમની વિશેષતાઓને બિરદાવે છે. પુરસ્કૃત કરે છે. અને પ્રસાદ પણ ધરે છે. શ્રી જયુબેને પોતાના વકતવ્યમાં જણાવ્યું કે પૂ.મા દ્વારા કરાયેલા આ સન્માન કોઇ યુનિવર્સિટીના સન્માન કરતાં ઓછું નથી કારણ કે આ બાળકો જીવનભર તેને ભૂલી નહીં શકે.

પૂ.મા 'અધ્યાત્મના અનસ્ત સૂર્યનો' બાળકો પાસે પારાયણ

કરાવી નવી પેઢી અને પ્રભુ વચ્ચે પણ એક સેતુ નિર્માણ કરતા હોય તેવું લાગે છે. સાધકોના બાળકો પૂ.શ્રીના જીવન વિશે જાણે તે જરૂરી છે. બાળકો પણ પૂ.શ્રીનાં આધ્યાત્મિક અનુભવો વિશે જાણકારી મેળવે તે માટે આ 'અનસ્ત સૂર્ય'નું પારાયણ કરાવે છે. પૂ.માનો આ પ્રયત્ન ખૂબ જ પ્રશંસનીય છે. યુવાન પેઢીમાં પણ પૂ.શ્રીને પ્રગટાવવાનો આ એક સક્રીય પ્રયાસ છે. બાળકોએ પણ ખૂબ સરસ પ્રતિસાદ આપ્યો. સવારે, બપોરે અને રાત્રે વારાફરતી વાંચન કરી તેનો આસ્વાદ પણ માણ્યો. દિશા ટેલર, મહર્ષિ કાકા અને વૈષ્ણવીએ આ ગ્રંથના પ્રકરણોનું સરસ રીતે વાંચન કર્યું.

બાળકોએ પૂ.શ્રી માને ખલેલ પહોંચાડ્યા વગર કથા શ્રવણ કર્યું તેનાથી પૂ.મા ખૂબ પ્રસન્ન થયાં.

ઘણા સમય પછી પૂ.શ્રી બાપજી સ્વર્ગારોહણ પધાર્યા છે. પૂ.શ્રી માને તેનો પણ આનંદ છે. પૂ. બાપજી પોતાના વકતવ્યમાં ગંગાકિનારેના પૂ.મા સાથેના નિવાસનું અને પ્રથમ દશરથ યાત્રાની રસપ્રદ વાતો સાધકોને સાંભળાવે છે. તે વખતે પૂ.માના સાન્નિધ્યમાં– **'ગંગાના ઘાટમાં, મા સર્વેશ્વરી સાથમાં અંતરે આનંદ ઉભરાય છે.'** એવું ગીત પણ સૂરીલા બુલંદ સ્વરે ગાઈને સાધકોને જૂની સ્મૃતિમાં તરબોળ કરી દે છે.

હરિદ્વારના આર્યનિવાસની સામેના ઘાટ ઉપર પંક્તિજી અને બાપજી પૂ.માને સાધકોની વચ્ચે રાખી જે મસ્તીથી આ સંકીર્તન નાચતા નાચતા બુલંદ કંઠે કરતા, તે જાણે શ્રી ચૈતન્ય મહાપ્રભુ ને નિત્યાનંદજીની જોડીના મસ્તી ભર્યા સંકીર્તનની યાદ અપાવી પૂ.બાપજીના આ ગાનથી પૂ.માની સ્મૃતિમાં તે દશ્ય તાજાં થયાં.



# કાયાપલટ

–યોગેશ્વરજી

**નિર્વિકલ્પ** સમાધિ યોગસાધનાની ઘણી ઊંચી અવસ્થા કહેવાય છે. એ સમાધિની પ્રાપ્તિ કાંઇ જેને–તેને નથી થતી. એને લાંબા વખત લગી ઉત્સાહ, ધીરજ, ખંત અને હિંમતપૂર્વક, કોઇ કુશળ માર્ગદર્શક અથવા સદ્‌ગુરુની સૂચનાનુસાર, નિયમિત રીતે પુરુષાર્થ કરવો પડે છે. ત્યારે કોઇ ધન્ય ક્ષણે એ પુરુષાર્થ ફળે છે અને નિર્વિકલ્પ સમાધિના મંગલમય મંદિરનું દ્વાર ઊઘડી શકે છે.

અષ્ટાંગયોગમાં શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે વિચારીએ તો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા ને સમાધિનો સમાવેશ થાય છે. તેમાં સમાધિ છેવટનું અંગ છે. ધ્યાનની સાધનામાં સિદ્ધહસ્ત થયા પછી કોઇક સૌભાગ્યશાળી સાધકે જ એ સમાધિની પ્રાપ્તિ થાય છે, અને સમાધિની પ્રાપ્તિ થયા પછી પણ, જીવનને કૃતાર્થ કરનારી, આત્મદર્શનનો અલૌકિક આનંદ આપનારી, નિર્વિકલ્પ સમાધિ તો અબજોમાં કોઇક એકાદ બડભાગીને જ મળતી હોય છે. એ એટલી બધી અસાધારણ, અમુલખ અથવા વિરલ છે. એટલે જ જ્ઞાની ને યોગી–શિરોમણિ શંકરાચાર્યે એના અનુભવની અસાધારણતાનો નિર્દેશ કરતાં કહ્યું છે કે, 'સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માના પરમ સુખસાગરમાં જેનું મન નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશીને મળી ગયું, કે સમાઇ ગયું છે તે મહાપુરુષનું કુળ પવિત્ર થયું, એની જનની કૃતાર્થ બની, અને એને લીધે પૃથ્વી પણ પુણ્યવતી થઇ ગઇ.'

અને એટલા માટે જ, નિર્વિકલ્પ સમાધિનો અભ્યાસ કરવાની એમણે ખાસ સૂચના આપી છે.

મહાત્મા શ્રી રામકૃષ્ણ પરમહંસને એમના યોગીગુરુ તોતાપુરીની મદદથી એ સમાધિ પ્રાપ્ત થઇ. પછી તો એની અનુભૂતિ એમને માટે એકદમ સ્વાભાવિક બની ગઇ. જગદંબાનું નામ લેતાં કે ગીત ગાતાં અથવા સાંભળતાં એમને એકાએક સમાધિ થઇ જતી. તે જોઇને એમની આજુબાજુના ભક્તો ને સાધકો આશ્ચર્યમાં ડૂબી જતાં. એમના પટ્ટશિષ્ય વિવેકાનંદને પણ ભારે આશ્ચર્ય થતું.

એક દિવસ વિવેકાનંદે એ વખતે એમણે સંન્યાસ લીધો નહોતો. એમનું નામ નરેન્દ્ર હતું. પોતાના એ આલમની અજાયબી જેવા સર્વસમર્થ લોકોત્તર સદ્‌ગુરુને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી. રામકૃષ્ણદેવને નરેન્દ્ર પ્રત્યે પુષ્કળ પ્રેમ હતો. એ એની સુષુપ્ત શક્તિઓને અને એના ઉજ્જવળ ભાવિને સારી પેઠે જાણતા. એટલે નરેન્દ્રને આશીર્વાદ આપીને બોલ્યા, ‘જેવી રીતે કરે છે તેવી રીતે નિયમિત રોજ ધ્યાનની સાધના કરતો રહે તો એક ધન્ય દિવસે થોડા જ વખતમાં તને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ જરૂર થઇ રહેશે.’

રામકૃષ્ણદેવ જેવા મહાપુરુષની શુભાશિષ તથા વાણી ખોટી તો પડે જ કેવી રીતે? એ તો સદા અમોઘ જ હોય. એ વાણીએ અને એની અંદર સંમિશ્રિત થયેલી શુભાશિષ નરેન્દ્રને વધારે ને વધારે ધ્યાન કરવાની પ્રેરણા આપી. એક દિવસ ધ્યાનની દૈવી દશામાં એને લાગ્યું કે એના ગુરુ એની ઉપર વિશેષ કૃપા કરી રહ્યા છે. એમની કૃપાથી એનું શાંત એકાગ્ર મન જોત જોતામાં શરીર તેમ જ ઇન્દ્રિયોના પ્રદેશનો પરિત્યાગ કરીને નિર્વિકલ્પ



સમાધિના પરમ સુખમય ક્ષીરસાગરમાં ડૂબી ગયું. એ વખતના અલૌકિક આનંદની કલ્પના પણ કોણ કરી શેક? એ તો અનુભવની વસ્તુ હતી, કલ્પનાની નહીં. નરેન્દ્રનું મન સમાધિની પરમાનંદમય અલૌકિક અવસ્થામાંથી જાગ્યા પછી પણ એવું જ આનંદમય અને શાંત રહ્યું. એણે રામકૃષ્ણદેવનો, એમના અદ્‌ભુત અનુગ્રહ બદલ આભાર માન્યો. એટલે એમણે એને કોઇ મનપસંદ વસ્તુ માગવા કહ્યું તો એણે જણાવ્યું, ‘થોડા વખતની સમાધિમાં જો આટલો બધો રસ ને આનંદ છે. તો કાયમની સમાધિમાં કેટલો બધો રસ અને આનંદ હશે? તમે કૃપા કરીને મને એવી અવસ્થા આપો કે હું દિવસો સુધી સમાધિમાં જ પડ્યો રહું ને મને ખાવાપીવાનું બોલવાનું કે બીજું કશું જ ભાન ના રહે.’

રામકૃષ્ણદેવે હસીને છતાં જરાક કરુણ સ્વરે કહ્યું, ‘હું તો તને ઘણો વિવેકી માનતો’તો. પરંતુ તું તો સ્વાર્થની જ વાત કર્યા કરે છે. દુનિયામાં ચારેકોર કેટલું બધું અજ્ઞાન, દુઃખ, ક્રંદન અને શોષણ છે તેની તને ખબર નથી? તેને દૂર કરવા માટે તું કંઇ જ નહીં કરે ને તારા જ સુખનો વિચાર કરીને બેસી રહેશે? ના, એવા એકલપેટા થવાને બદલે, બીજાને ઉપયોગી થવા માટે, જગદંબાની મરજીને માન આપીને તારે જીવનભર પુરુષાર્થ કરવો પડશે. તારો જન્મ એટલા માટે જ છે. એ હેતુ પૂરો થશે ત્યારે તને સમાધિનો એ અદ્‌ભુત આનંદ ફરી મળી શકશે.’

નરેન્દ્ર સમજી ગયો. ગુરુની પ્રેરણા પ્રમાણે પાછળથી એ જ નરેન્દ્રે વીર વિવેકાનંદ બનીને જે વિરાટ કર્મ કર્યું તે લોકસેવાના કર્મથી સૌ સુપરિચિત છે.

# યોગી બ્રહ્મની મુલાકાત(૨)

(ગતાંકથી ચાલુ) **અનુ.યોગેશ્વરજી –પોલ બ્રન્ટન**

એ વિચિત્ર લાગતા યુવાન યોગીએ મને વધારે આકર્ષ્યો. 'તમે યોગી કેવી રીતે બન્યા તે પૂછી શકું છું?'

પહેલાં તો એનો ઉત્તર ન મળ્યો. અમે ત્રણે તાડવૃક્ષની નીચે બેસી રહ્યા. નદીને સામે કિનારેથી નાળિયેરીનાં વૃક્ષોમાં ફરનારા કાગડાના કર્કશ શબ્દો સંભળાયા કરતા હતા. એમની સાથે વૃક્ષો પર કૂદતા વાંદરાના અવાજ ભળી જતા હતા. કિનારા પરના પાણીના મલિન છાંટા પણ ઊડ્યા કરતા હતા.

'ખુશીથી.' બ્રહ્મે એકાએક ઉત્તર આપ્યો. મને લાગ્યું કે મારા પ્રશ્નોની પાછળ સામાન્ય કુતૂહલ કરતાં કશુંક વધારે છે તેની તેમને ખાતરી થઇ છે. હાથને શાલની પાછળ રાખી, નદીના દૂરના તટ પરના કોઇ પદાર્થ તરફ દૃષ્ટિ સ્થિર કરીને તે બોલ્યા :

'બાળક તરીકે મારો સ્વભાવ શાંત અને એકાકી હતો. બાળકોની સામાન્ય ટેવોમાં મને કોઇ જાતનો આનંદ આવતો નહીં. બીજાની સાથે રમવા કરતાં ખેતરો કે વાડીઓમાં ફરતા રહેવાનું વધારે ગમતું. મારા જેવા વિચારશીલ બાળકને બહુ ઓછા લોકો સમજી શકતા, અને એ વખતના જીવનમાં હું સુખી હતો એમ નહીં કહી શકું. બારેક વરસની ઉંમરે, એકાએક અવસર મળતાં, મને મોટા માણસોની વાતો સાંભળવા મળી અને એ વાતો પરથી જ યોગનું અસ્તિત્વ છે એ વાત હું સમજી શક્યો. એ ઘટનાએ મારામાં યોગ વિશે વધારે જાણવાની ઇચ્છા પેદા કરી. કેટલાક માણસોને મળીને એની માહિતી મેળવવાનો



મેં પ્રયત્ન કર્યો અને તામિલ ભાષાનાં, યોગીઓ વિશેની રસપ્રદ સામગ્રી પૂરી પાડનારાં પુસ્તકો પણ મેળવ્યાં. રણપ્રદેશમાંથી પસાર થતાં ઘોડેસવારને તરસ લાગે તેવી જ રીતે મારા મનમાં એમના સંબંધી વિશેષ માહિતી મેળવવાની તરસ લાગી. પરંતુ હું એવી અવસ્થા પર પહોંચ્યો કે જ્યારે વધારે જાણવાનું અશક્ય થઇ પડ્યું. એક દિવસ મારાં પુસ્તકોનું એક વાક્ય મેં ફરીવાર વાંચ્યું : યોગમાર્ગમાં સફળતા મેળવવા માણસે ગુરુ કરવા જોઇએ. આ શબ્દોની અસર મારા પર ઘણી ભારે થઇ. મને થયું કે ઘર છોડીને પ્રવાસ કરવાથી જ ગુરુની પ્રાપ્તિ થઇ શકશે. મારાં માતાપિતાએ એની રજા ન આપી. બીજું શું કરવું એની સમજ ન પડવાથી, મેં જેની માહિતી મેળવેલી તે પ્રાણાયામની ક્રિયાઓ મેં છૂપી રીતે કરવા માંડી. એ અભ્યાસથી મને લાભ ન થયો, ઉલટું નુકસાન થયું તે નફામાં. નિષ્ણાત ગુરુના માર્ગદર્શન વિના એ ક્રિયાઓ ન કરવી જોઇએ તે હું ન સમજી શક્યો, પરંતુ મારી આતુરતા એવી હતી કે ગુરુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી હું રાહ જોઇ શકું નહીં. પ્રાણાયામની પ્રારંભિક ક્રિયાઓની અસર થોડા જ વખતમાં દેખાવા માંડી. મારા માથાની ઉપરના ભાગમાં એક નાની સરખી તિરાડ દેખાઇ. ખોપરી એની નબળી જગ્યાએ ફાટી ગઇ છે એવું જોઇ શકાયું. એમાંથી લોહીની ધારા વહેવા માંડી અને મારું શરીર ઠંડુંગાર તથા જડ બની ગયું. મને લાગ્યું કે હવે મરી જવાશે. બે કલાક પછી મારી આંતર–આંખ આગળ એક અલૌકિક દૃશ્ય દેખાયું. મેં એક મહાન યોગીની આકૃતિ જોઇ. એ યોગીપુરુષે મને કહ્યું : પ્રાણાયામની ગુપ્ત સાધના દ્વારા કેવી ભયંકર દશાએ પહોંચી જવાયું તે જોયું ને? આમાંથી તારે

સખત બોધપાઠ લેવાનો છે. એટલું કહીને યોગી અદૃશ્ય થઇ ગયા. પરંતુ એ પ્રસંગ પછી મારી દશા સુધરવા માંડી અને છેવટે હું સંપૂર્ણ સાજો થઇ ગયો. જોકે માથામાં હજુ ચાઠું તો રહી જ ગયું છે.'

બ્રહ્મે નીચે નમીને પોતાનું માથું બતાવ્યું. એની ઉપરના ભાગમાં એક નાનું ગોળ ચાઠું જોઇ શકાયું.

'એ દુઃખદ અનુભવ પરથી મેં પ્રાણાયામની ક્રિયા મૂકી દીધી અને ઘરનાં બંધનો ઢીલાં થતાં સુધી થોડાં વરસો રાહ જોઇ.' એમણે કહેવા માંડ્યું : 'મને જ્યારે છૂટવાની તક મળી ત્યારે ઘરનો ત્યાગ કરીને હું ગુરુની શોધમાં નીકળી પડ્યો. મને થયું કે ગુરુની પસંદગી કરવા થોડોક વખત એમની સાથે રહેવું જોઇએ. મને કેટલાક ગુરુ મળ્યા પણ ખરા, અને મારો સમય થોડોક વખત એમની સાથે રહેવામાં અને નિરાશ થઇને ઘેર પાછા ફરવામાં પસાર થયો. તેમનામાંના કેટલાક તો મઠના મહંતો હતા. બીજા કેટલાક ધાર્મિક સંસ્થાઓના આચાર્યો હતા. પરંતુ એમનામાંથી કોઇ પણ મને સંતોષી ન શક્યા. એમણે તત્ત્વજ્ઞાનની ઘણી વાતો કહી બતાવી, પરંતુ એમના પોતાના અનુભવમાંથી મને કશું જ ના મળ્યું. એમનામાંના મોટા ભાગના માણસો તો કોઇ જાતનું વ્યવહારું માર્ગદર્શન કરવાને બદલે પુસ્તકની વાતોનું જ પારાયણ કર્યા કરતા. મારે પુસ્તકોના સિદ્ધાંતોની નહીં પણ યોગના પ્રત્યક્ષ અનુભવની આવશ્યકતા હતી. એવી રીતે મેં દસેક ગુરુની મુલાકાત લીધી, છતાં એમનામાંથી એકે યોગનો સાચો ગુરુ ન જણાયો. તોપણ હું હતાશ તો ન જ થયો. મારી યૌવનસહજ જિજ્ઞાસાએ જોર



પકડ્યું, કારણ કે મારા સ્વભાવ પ્રમાણે નિષ્ફળતા મારી સફળતા માટેના નિશ્ચયબળને વધારનારી સાબિત થાય છે.'

હવે હું મોટો થયો. મારા બાપદાદાના ઘરનો, દુન્યવી જીવનનો કાયમ માટે ત્યાગ કરીને સાચા ગુરુ માટે આજીવન શોધ કરવાનો મેં નિર્ણય કર્યો. એ પછી હું અગિયારમા પરિભ્રમણ કે પ્રવાસે નીકળી પડ્યો. આમતેમ ફરતો ફરતો હું તાજોર જિલ્લાના એક મોટા ગામમાં આવી પહોંચ્યો. સવારના સ્નાન માટે નદીએ જઇને પાછળથી હું નદીના તટ પર ચાલવા માંડ્યો. થોડા વખતમાં તો રાતા પથ્થરનું એક નાનકડું મંદિર દેખાયું. એમાં દૃષ્ટિપાત કરતાં જ મને નવાઇ લાગી. એક નગ્ન જેવા માણસની આજુબાજુ કેટલાક લોકો વર્તુળાકારે બેઠા હતા. સાચું કહું તો એ માણસે કમર પર એક નાનોસરખો ટુકડો જ વીંટ્યો હતો. લોકો એની તરફ પૂજ્યભાવે જોયા કરતા. સૌની મધ્યમાં બેઠેલા એ માણસની મુખાકૃતિમાં કશુંક માન પેદા કરે તેવું, ગૌરવભર્યું અને રહસ્યમય હતું. એથી પ્રભાવિત ને મુગ્ધ બનીને હું પ્રવેશદ્વાર પાસે ઊભો રહ્યો. મને જાણી લેતાં વાર ન લાગી કે એ નાનકડી સભાને કોઇ જાતનો ઉપદેશ અપાઇ રહ્યો છે અને સૌથી વચ્ચે બેઠેલા માણસ કેવળ પોથી—પંડિત નથી, પરંતુ એક સાચા યોગી અને આદર્શ ગુરુ છે. એવી લાગણી શા માટે થઇ તેનો ખુલાસો મારાથી કરી શકાય તેમ નથી.

એટલામાં તો અચાનક એ પુરુષે પોતાનું મુખ બારણા તરફ ફેરવ્યું અને અમારી આંખ એક થઇ. મારા આત્માના ભાવને અનુસરીને મેં મંદિરમાં પ્રવેશ કર્યો. એ પુરુષે મારો સ્નેહથી સત્કાર કરી મને નીચે બેસવાની આજ્ઞા કરીને કહેવા માંડ્યું : છ

મહિના પહેલાં તને શિષ્ય તરીકે સ્વીકારવાની મને સૂચના મળેલી; હવે તું આવી પહોંચ્યો. મને સાનંદ આશ્ચર્ય સાથે યાદ આવ્યું કે મારો અગિયારમો પ્રવાસ શરૂ કરવા માટે મેં બરાબર છ મહિનાથી ઘર છોડેલું. ગમે તેમ પણ એવી રીતે મારા ગુરુની પ્રાપ્તિ થઇ. એ પછી એ જ્યાં જ્યાં ફર્યા ત્યાં હું એમની સાથે જ રહ્યો. કોઇક વાર એ શહેરોમાં જતા. કોઇ વાર એકાંત અરણ્ય કે નિર્જન જંગલોમાં જતા. એમની મદદથી મેં યોગમાર્ગનો સારો અભ્યાસ કર્યો અને છેવટે સંતોષ પણ મેળવ્યો. મારા ગુરુનો માર્ગ શરીરસંયમનો હોવા છતાં એ એક મહાન અનુભવસંપન્ન યોગી હતા. યોગીની પદ્ધતિઓ જુદી જુદી છે. એમની પ્રક્રિયાઓ અને રીતો એકમેકથી જુદી પડે છે. મને જે પદ્ધતિનું શિક્ષણ આપવામાં આવ્યું છે તે પદ્ધતિમાં મનને બદલે શરીરથી શરૂઆત કરવાની હોય છે. પ્રાણનો કાબૂ કરવાની વિદ્યા પણ મને શીખવામાં આવી છે. યોગની એક શક્તિની પ્રાપ્તિ કરવા એક વાર મારે ચાલીસ દિવસના ઉપવાસ કરવા પડેલા.

તમે કલ્પના કરી શકશો કે તે દિવસે મને કેટલું બધું આશ્ચર્ય થયું હશે, જ્યારે ગુરુએ મને બોલાવીને કહ્યું કે, સંસારના સંપૂર્ણ ત્યાગનો સમય હજુ તારા જીવનમાં નથી આવ્યો. એટલા માટે ઘેર જઇને સામાન્ય જીવન જીવવાની શરૂઆત કર. તારું લગ્ન થશે અને તારે એક સંતાન પણ થશે. ઓગણચાલીસમે વરસે તને કેટલાક સંકેત મળશે. એ પછી તને સંસારનો ત્યાગ કરવાની સ્વતંત્રતા રહેશે. પછી વનમાં જઇને એકાંતમાં ધ્યાન કરીને યોગી દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય ધ્યેયની પ્રાપ્તિ કરીશ. હું તારી રાહ જોઈશ અને તું મારી પાસે પાછો આવીશ.



એમની આજ્ઞા પ્રમાણે હું મારા જન્મસ્થાનમાં પાછો ફર્યો. થોડા વખતમાં એક વિશ્વાસુ પ્રેમી સ્ત્રી સાથે મારું લગ્ન થયું. એનાથી મને મારા ગુરુએ ભવિષ્ય ભાખ્યા પ્રમાણે બરાબર એક જ સંતાન થયું. એ પછી થોડે વખતે મારી પત્ની મૃત્યુ પામી. મારાં મા—બાપ પણ મૃત્યુ પામ્યાં હોવાથી, મને બાળપણની જાણીતી, મારા ગામની એક વિધવા સાથે અહીં આવીને રહેવા લાગ્યો. એ મારી બધી રીતે સંભાળ રાખે છે, અને ઉંમરની સાથે એનું ડહાપણ વધ્યું હોવાથી યોગમાં સૂચવ્યા મુજબનો એકાંતવાસ કરવામાં એ મને મદદરૂપ થાય છે.

બ્રહ્મે બોલવાનું બંધ કર્યું. એમના ખુલાસાથી હું એટલો બધો પ્રભાવિત થયો કે મારી જીભ શાંત થઇ ગઇ. બે ત્રણ મિનિટની સંપૂર્ણ શાંતિ પછી યોગીએ ઊભા થઇને પોતાનું મોઢું ઘર તરફ ફેરવીને ધીરેથી ચાલવા માંડ્યું. પેલા બ્રાહ્મણે તથા મેં એમનું અનુકરણ કરવા માંડ્યું.

સુંદર તાડવૃક્ષોના સમૂહમાંથી અમારો રસ્તો આગળ વધતો હતો. તેજસ્વી સૂર્યપ્રકાશથી નદી પ્રકાશી ઊઠેલી અને કિનારે ફરતાં ફરતાં અમારો કલાકેક જેટલો વખત પસાર થઇ ગયો. થોડા વખતમાં તો અમે માણસોની વસતિમાં આવી પહોંચ્યા. માછીમારો પ્રાચીન પદ્ધતિ પ્રમાણે કામ કરવા પાણીમાં ચાલતા હતા. નાવડીમાં બેસીને કે કિનારે રહીને માછલાં પકડવાને બદલે જાળ તથા ટોપલા લઇ કે કમરબૂડ પાણીમાં ઊભા રહેતા.

સુંદર પીંછાંવાળાં પંખી નદી તરફ ઊડ્યા કરતાં. એથી તો આખોય દેખાવ વધારે સુંદરતા ધારણ કરતો. દરિયાની દિશામાંથી અમારી તરફ વાતા મંદમંદ ખુશનુમા પવનને લીધે વાતાવરણ થોડુંક સુગંધીદાર લાગતું. એટલામાં તો રસ્તો આવી

પહોંચ્યો ને નદીનો ત્યાગ કરતાં મને ખેદ થયો. ધીમે સ્વરે બોલતું ડુક્કરનું ટોળું મારી પાસેથી પસાર થયું. એમને હાંકનારી પછાત કોમની ભૂરા રંગવાળી સ્ત્રી એમના પર વાંસની લાકડીનો પ્રહાર કર્યા કરતી.

બ્રહ્મે અમારી તરફ ફરીને આખરે અમારી વિદાય લીધી. મેં એમને ફરીથી મળવાની ઇચ્છા બતાવી. એમણે એ ઇચ્છાનો સ્વીકાર કર્યો. એ પછી મેં વધારે સાહસ કરીને પૂછી જોયું કે તે પોતે મારે ત્યાં પધારવાની કૃપા કરશે કે કેમ! મારા બ્રાહ્મણ સાથીદારના ઊંડા આશ્ચર્ય વચ્ચે યોગીએ સાંજના મને મળવા માટે આવવાની સત્વર હા પાડી. (ક્રમશઃ)

અસત્ય ભલે પહાડસમુ કાળમીંઢ હોય, સત્યનું ઝરણું એનું પેટાળ તોડીને પણ નિકળવાનું જ છે. ભલે આપણી સામે અસત્યનો રાક્ષસ એના વિજયી દાંત ચમકાવતો ઊભો હોય, સત્યનું શસ્ત્ર એને ક્યારેક તો હણવાનું છે. —યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ડૉ.જાગાણીના નિત્યનોંધની ડાયરીના પૃષ્ઠો

—ડૉ.બી.જે.જાગાણી

(ડો.બી.જે. જાગાણી—ગૃહસ્થી હતા યુનિવર્સિટીના અધિકારી હતા, કિન્તુ સૌથી વિશેષ તો તે પૂ.મા પ્રભુના ભક્ત હતા.

એમની નિત્ય ડાયરીની જે નોંધો અહીં મૂકી છે, તે તેમના હૃદયના ભાવો મા—પ્રભુ પ્રત્યે કેવા સતત વહેતા રહેતા, તેના પૂરાવા રૂપ છે. તેમની રોજ સવારની પ્રાર્થનાઓ, દરેક વાચકના દિલને સ્પર્શી જાય, ભીંજવી જાય, એવી હોવાથી અહીં મૂકી છે. પૂ.માને પણ તો ખૂબ ગમેલી. —તંત્રી)

**તા. ૧૧—૧૦—૨૦૧૨ મંગળવાર**

પૂ.શ્રી મા,

આપનાં શ્રી ચરણોમાં પ્રણામ,

ગઇકાલે ચશ્માની ફ્રેમ તૂટી ગઇ. ઘરમાં રંગકામ ચાલે છે. રંગની જરૂર હતી. ઓફિસમાં નવા કુલપતિનો પ્રથમ દિવસ હતો. રંગવાળા ભાઇઓ ઘેર આવ્યા. સામાન ફેરવવાનો બાકી હતો. આ બધું કામ ૧૫ મિનિટમાં કરવાનું હતું. રંગ લેવા ગયા. ત્યાં ભીડ હતી. વચ્ચેથી આપણો વારો લઇ લીધો. ચશ્મા રીપેર કરવા આપી દીધાં. ઘેર સામાન ફેરવી લીધો. જમવાનું બાકી હતું. જમાઇ ગયું. બધું જ સમયસર થઇ ગયું. ઓફિસે સમયસર જવાઇ ગયું. સાંજે ચશ્મા પણ નવી ફ્રેમમાં આવી ગયાં. તે પણ ફ્રી માં. ઓફિસે રજિસ્ટ્રાર બદલાયા. આપણી પર તાજ(કાંટાળો)ના આવ્યો. આ બધું કોણે કર્યું. અધૂરામાં પુરું ઘેર

વિજળીનો વાયર તૂટી ગયો. ખૂલ્લો હતો. તે પણ સંઘાઇ ગયો. બહાર ટ્યૂબ ફીટ કરવાની હતી તે પણ થઇ ગઇ. અરે! પંખો ધીમો ફરતો હતો. તેનું કેપેસીટર પણ બદલાઇ ગયું. આ બધું કોણે કર્યું? એની સ્મૃતિ થઇ એટલે આભાર માનવા પેન સહજ રીતે ઉપડી ગઇ. માનો આભાર માનવા લાગી ગઇ. હમણાંથી ડાયરીમાં લેખન કરવાનું બંધ હતું.

હમણાં હમણાં દેવીની ઉપાસના વધી છે. જપ, સ્તુતિ, પાઠ, પ્રદક્ષિણા નિયમિત ગુપ્ત રીતે થયા જ કરે છે. વિષ ભરેલા વાતાવરણમાં અલિપ્ત રાખો છો એ પણ આપના અવતારનું પરિણામ જ છે ને. હે મા! હે દેવી દેવતાઓ આપનો એ માટે આભાર.

**તા. ૧૨–૧૦–૨૦૧૧ બુધવાર**

પૂ.શ્રી મા,

આપના ચરણોમાં કોટિ પ્રણામ.

આસક્તિ હોય ત્યાં દુઃખ, દર્દ ને રોગ આવે. આસક્તિ સંસારની હોય ત્યાં આવું થાય. આસક્તિ પરમાત્મામાં રખાવજો.

નોકરીના સ્થાનમાં વિષ ને રાગ દ્વેષના કટોરાઓ પીવાના આવે છે. ત્યાં પ્રેમપૂર્વક જીવન નિર્ગમન થાય. ને જીવનમાં સુવાસ સહજ રીતે પથરાય એવી કૃપા કરવા પ્રાર્થના છે.

અનેકો સાથે વ્યવહાર કરવાનો થાય છે. એ વ્યવહાર પ્રેમભર્યો થાય એવી કૃપા કરવા પ્રાર્થના છે. કૃપા કરો ને દર્શન આપો. જીવનમાં શાંતિ આપો.

**–પ્રણામ**



**તા. ૧૩–૧૦–૨૦૧૧ ગુરુવાર**

પૂ.શ્રી મા,

આપના શ્રી ચરણોમાં પ્રણામ.

કૃપા કરો. આપની એકાગ્રતા વિનાની, મશીનની જેમ, જેવી આવડે તેવી પ્રાર્થનાઓ સ્વીકારીને પ્રસન્ન થઇ જજો. આ લિખિત પ્રાર્થનાનો સ્વીકાર કરી લેજો. જીવનમાં શાંતિ, સુખ, આનંદ, સમૃદ્ધિ, સિદ્ધિઓ આપજો. દર્શન તો ખરાં જ. હૃદયમાં ને બાહ્ય જગતમાં, આપનાં હૃદયમાં ને બાહ્ય જગતમાં આપનાં શ્રી ચરણોમાં પવિત્ર પ્રેમની ધારાઓ અમારાં હૃદયમાંથી નીકળીને વહ્યા કરે એવી કૃપા કરો. એ આપના માટે શક્ય પણ છે. હે દિવ્યમાતા, પ્રણામ. જે જે પ્રાર્થનાઓ સાંભળી છે તેને માટે આભાર.

**તા. ૧૪–૧૦–૨૦૧૧ શુક્રવાર**

પૂ.શ્રી મા,

આપના શ્રી ચરણોમાં પ્રણામ.

સરળ, સહજ, પવિત્ર, અલિપ્ત આપનાં સ્વરૂપને પૂ.શ્રીને પોતાની કલમે વર્ણવ્યું છે. તે વાંચતાં આનંદ થાય છે. એજ સ્વરૂપને ઋષિઓએ દુર્ગાસપ્તશતીમાં સંસ્કૃતમાં શ્લોકો રૂપે વર્ણવ્યું છે. વળી ભવપાર કરવા મથનારા સાધકોની માટે તરવાની હોડી સમા શ્લોકો, સ્તુતિઓ પણ આપી છે. હે મા! તે સ્તુતિઓ સ્વીકારો ને રક્ષો, તારો, ઉગારો, જીવનમાં શાંતિ આપો. પરિવારજનોને શાંતિ આપો. સુખ આપો. અશાંતિને દૂર કરી દો. અવિદ્યા ને અજ્ઞાનના આવરણોમાંથી બહાર કાઢો. તે કામ આજે જ કરો એવી પ્રાર્થના છે.

**–પ્રણામ**

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **—શ્રી યોગેશ્વરજી**

એકત્રિત જનતાએ કૃષ્ણ—બળરામનો ફરીવાર જયજયકાર કર્યો.

એ પછી કૃષ્ણે બળરામ સાથે વસુદેવ, દેવકી અને નંદના ચરણમાં પ્રણામ કર્યાં.

વસુદેવ, દેવકી અને નંદે એમને આશીર્વાદ આપ્યા, ત્યારે કૃષ્ણે કહ્યું :

'તમારી કૃપા સદ્ભાવના અને શુભાશિષથી જ હું સફળ થઇ શક્યો છું. મારું આજ સુધીનું જીવન તમારા આશીર્વાદને લીધે જ આનંદપૂર્વક આગળ વધી શકશે. તમારા શુભાશીર્વાદ જ મારું બળ છે.'

કૃષ્ણની વિનમ્રતાથી વસુદેવ, દેવકી અને નંદ પ્રસન્ન થયાં.

'હું તો તને જ પુત્ર માનતો'તો. આજે તારા જન્મરહસ્યનું તેં અચાનક ઉદ્ઘાટન ના કર્યું હોત તો ન જાણે ક્યાં સુધી હું એવું જ માન્યા કરત. આજ સુધી આ વાત ગુપ્ત જ રહી. છતાં પણ હરકત નહિ. મને તેનો શોક કે તેની ચિંતા નથી. વસુદેવ મારા મિત્ર હોવાથી મને સહોદર સરખા જ પ્રિય છે. એમને ને દેવકીને તારા સમાન શક્તિશાળી સુસંસ્કારી દેવપુત્રની પ્રાપ્તિ માટે અભિનંદન આપું છું. તને તે બળરામને પુત્ર તરીકે પ્રાપ્ત કરીને એમણે પોતાના જીવનને કૃતાર્થ કર્યું છે. પૃથ્વીપર તમે બંને સૂર્ય અને ચંદ્રની પેઠે પ્રકાશો છો ને જીવન ધરો છો.'

વસુદેવે જણાવ્યું :



'આવા પ્રતાપી લોકહિતકારી પુત્રોની પ્રાપ્તિથી કોઇયે પિતાનું જીવન ધન્ય કે સફળ બની શકે છે એમાં સંદેહ નથી, પરંતુ એ પુત્રો જેમ મારા છે તેમ તમારા પણ છે. તમે એમનું પ્રેમપૂર્વક પાલન કર્યું હોવાથી તમારો પણ એમના ઉપર અધિકાર છે. અને સાચું કહું તો કોઇનોય અધિકાર નથી, કારણ કે એ કોઇ સાધારણ બાળકો નથી. એમના જન્મ તથા કર્મ દિવ્ય છે. અને ક્ષણેક્ષણે પલટાતા જતા આ વિશાળ સંસારમાં કોણ કોઇનું થઇને કાયમને માટે રહી શકે છે?'

નંદે ક્ષણવાર વિચારીને કહ્યું :

'મારું ભાગ્ય પરમપ્રબળ થવા મેં પૂર્વે કોઇ પુણ્યો કરેલાં વસુદેવ! એ સિવાય કૃષ્ણ તેમ જ બળરામની સેવાનો અવસર મને ના મળી શકે. એમના લાલનપાલનથી મારું જીવન ધન્ય થયું. એમના જીવનની આજ સુધીની જુદી જુદી અસંખ્ય લીલાઓનું દર્શન કરવાથી મને એમની અસાધારણની પ્રતીતિ થઇ છે. એમની એ લોકોત્તર લીલાઓને કદી પણ નહીં ભૂલી શકું. કંસ જેવા પરમ પરાક્રમી પુરુષનું મૃત્યુ નિપજાવનાર કિશોર કોઇ સાધારણ કિશોર તો નથી. ના હોઇ શકે. એ વાત જે અજ્ઞાની હોય તે પણ સહેલાઇથી સમજી શકે છે.'

દેવકી અને વસુદેવ કૃષ્ણ તથા બળરામને લાંબે વખતે મળીને અત્યંત આનંદ પામ્યાં.

એ મેળાપ અદ્ભુત હતો.

એમને આશ્વાસન, આનંદ અને શાંતિ આપીને કૃષ્ણે કંસે કેદ કરેલા ઉગ્રસેનને બંધનમુક્ત કરવાનો આદેશ આપ્યો.

એ આદેશનો સત્વર અમલ કરવામાં આવ્યો.

કંસના મૃત્યુના સમાચાર સાંભળીને ઉગ્રસેને શોક પ્રગટ

કર્યો. કંસે પુત્રધર્મનો પરિત્યાગ કરીને એને શક્ય તેટલુ બધું જ દુઃખ પહોંચાડેલું તોપણ એણે પિતાધર્મનો પરિત્યાગ ના કર્યો.

એનું અંતર એવું વાત્સલ્યવાળું, દયાળુ ને પ્રતિશોધની ભાવનાથી રહિત હતું.

કૃષ્ણની સંમતિથી એણે કંસની અંત્યેષ્ટિ ક્રિયાનો સમ્યક્ પ્રબંધ કર્યો.

એ પછી બળરામ તથા કૃષ્ણ વસુદેવ અને દેવકી સાથે એમના આવાસમાં ગયા.

એ આવાસની આજુબાજુ કંસની આજ્ઞાથી કડક ચોકીપહેરો રહેતો.

એ આવાસમાં પ્રવેશતી વખતે વસુદેવ, દેવકી તથા કૃષ્ણને અજબ લાગણીનો અનુભવ થયો.

એમાં કંસે વસુદેવ તથા દેવકીને વરસો સુધી કેદ રાખેલાં ને કૃષ્ણના લોકસંગ્રહને માટેના લોકોત્તર પ્રાકટ્યના સાક્ષી બનવાનું સૌભાગ્ય પણ એને જ સાંપડેલું.

પોતાને ઉજ્જવળ, અમર અને કૃતાર્થ કરનાર એ નયનાભિરામ કૃષ્ણનું જાણે કે એ મૂક સ્વાગત કરી રહ્યો.

વસુદેવ અને દેવકીને માટે એ પ્રસંગ મોટા મહત્ત્વનો હતો.

એમનાં અંતર ભૂતકાળનાં સંસ્મરણોથી ભાવવિભોર બની ગયાં ને હાલી ઊઠ્યાં.

એમણે સહેલાં અસંખ્ય સંકટો સફળ થયાં. સાર્થક બન્યાં.

એ વખતના કૃષ્ણ—કંસ જેમનો નિર્દયતાપૂર્વક નાશ કરવા માગતો'તો તે કૃષ્ણ કેવા હતા અને કંસનો નાશ કરનાર આ કૃષ્ણ કેવા હતા?



બંને હતા તો એક જ પરંતુ બંનેમાં કેટલો બધો તફાવત હતો? બંનેની પરિસ્થિતિએ કેટલો સુખદ પલટો ખાધેલો?

એમનાં અંતર ભાવભીનાં થયાં ને લોચન આનંદાશ્રુથી ઊભરાઈ રહ્યાં.

એમના મનોભાવને સમજી જઈને કૃષ્ણે કહ્યું :

'મારા જન્મ પહેલાં ને જન્મ પછી તમારે બંનેને અનેક પ્રકારનાં કષ્ટો નહીં ભોગવવાં પડે. હવે તમારા સમગ્ર જીવન દરમિયાન તમને સુખશાંતિની પ્રાપ્તિ થશે. કષ્ટો તો મારે પણ જન્મીને કાંઈ ઓછાં નથી ભોગવવાં પડ્યાં. પણ તેથી શું થયું? જીવન છે જ અનુકૂળતાઓ ને પ્રતિકૂળતાઓ, સુખ ને દુઃખ, હર્ષ ને શોક, સંકટો ને સરળતાઓ, ઐશ્વર્ય અને અનૈશ્વર્ય, અને સ્વસ્થતા અથવા અસ્વસ્થતાના સમુચ્ચયરૂપ. એમાં બધું એકસરખું નથી હોતું. એ વિરોધ કે વિરોધાભાસોથી ભરેલું છે. એમાં બધું એકસરખું નથી હોતું. એમાં આનંદપૂર્વક સ્વસ્થતા સાથે જ જીવવાનું છે. એની વિષમતાઓથી ડરી કે ડગી નથી જવાનું. નિષ્ફળતાઓથી નાસીપાસ નથી થવાનું. સંપતિથી છકી જવાનું નથી ને વિપત્તિથી વ્યથિત નથી બનવાનું. એના ધ્યેયને હંમેશાં દૃષ્ટિ સમક્ષ રાખીને પ્રત્યેક પળે એનો સ્વાદ લેતાં ને રસ લૂંટતા, એને ઉજ્જવળ કરતાં, બહાદુરની પેઠે આગળ વધવાનું છે. શેષ જીવનને માટે મને તમે આશીર્વાદ આપો એટલું જ ઈચ્છું છું.'

વસુદેવ અને દેવકી ભાવવિભોર થઈ ને મૂક રહ્યાં.

એ ઐતિહાસિક આવાસને જોઈને નંદને પણ આનંદ થયો.

એમનું અંતર સુખ તથા દુઃખના મિશ્રિત ભાવોથી ભરાઈ રહ્યું.

(ક્રમશઃ)